અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ સાતમ | અંક : ૪૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### યુપીઆઈ સિસ્ટમનો ફેલાવો વધારવાનો રિઝર્વ બેન્કનો પ્રયાસ

## યુપીઆઈ દ્વારા લોન સુવિધાને સામેલ કરવામાં આવી : રિઝર્વ બેન્કની મંજૂરી

**રિઝર્વ બેંકે બેંકોમાં પૂર્વ-મંજૂર લોન સુવિધાને યુપીઆઈ દ્વારા સંચાલનપર સર્ક્યુલર જાહેર કર્યો, બચત ખાતામાં ઓવરડ્રાફ્ટ ખાતા, પ્રીપેડ વોલેટ અને ક્રેડિટ કાર્ડને યુપીઆઈથી જોડવામાં આવી શકે છે**

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય રિઝર્વ બેંકે લેવડ- દેવડ માટે બેંકો દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રી-એપ્રુવ્ડ લોન સુવિધાને પણ યુપીઆઈ સિસ્ટમમાં સામેલ કરવા માટે સોમવારે જાહેરાત કરવામાં આવી હતી. અત્યાર સુધી યુપીઆઈ સિસ્ટમ દ્વારા માત્ર જમા રકમ પર જ લેવડ- દેવડ કરવામાં આવતી હતી.

કેન્દ્રીય બેંકે એપ્રિલમાં યુપીઆઈ સિસ્ટમનો ફેલાવો વધારવા માટે પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો. જેમા બેંકોમાં પહેલેથી ક્રેડિટ લોન સુવિધાને ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવી છે, જો હાલમાં બચત ખાતામાં ઓવરડ્રાફ્ટ ખાતા,




પ્રીપેડ વોલેટ અને ક્રેડિટ કાર્ડને યુપીઆઈથી જોડવામાં આવી શકે છે. રિઝર્વ બેંકે બેંકોમાં પૂર્વ-મંજૂર લોન સુવિધાને યુપીઆઈ દ્વારા સંચાલન' પર એક સર્કુલર જાહેર કરતા કહ્યુ હતું કે, યુપીઆઈદ્વારા હવે લોન સુવિધાને સામેલ કરવામાં આવી છે. રિઝર્વ બેંકએ કહ્યુ કે, આ સુવિધા પર વ્યક્તિગત ગ્રાહકની પુર્વ સહમતિથી અનુસુચિત કોર્મશિયલ બેંકો દ્વારા વ્યક્તિઓને પુર્વ સ્વીકૃત લોન સુવિધાના માધ્યમથી ચુકવવામાં આવશે.

કેન્દ્રીય બેંકોના કહેવા પ્રમાણે આવુ કરવાથી તેનો ખર્ચ ઓછો આવે છે અને ભારતીય બજારો માટે વિશેષ ઉત્પાદનોનો વિકાસ કરવામાં મદદ મળશે. મોબાઈલ ઉપકરણના માધ્યમથી માત્ર ૨૪ કલાકમાં તત્કાલ લોન આપવા માટે ઉપયોગ કરવામાં આવતાં યુપીઆઈથી લેવડ દેવડનો આંકડો ઓગસ્ટમાં ૧૦ અરબને પાર કરી જશે. જુલાઈમાં યુપીઆઈ લેવડ- દેવડનો આંકડો ૯.૯૬ અરબ હતો.

યુપીઆઈએક વિશેષ પેમેન્ટ પ્લેટફોર્મ છે અને તે કેટલીયે પ્રકારની સુવિધા આપે છે, વર્તમાન સમયમાં યુપીઆઈ દ્વારા ભારતમાં ૭૫ ટકા રિટેલ ડિઝિટલ પેમેન્ટ કરવામાં આવી રહ્યું છે. હાલમાં જ રૂપેક્રેડિટ કાર્ડ પર યુપીઆઈથી લિંક કરવાની મંજુરી મળી ગઈ છે. તેમજ યુપીઆઈ લેવડ- દેવડ બેંકોમાં જમા ખાતાઓ વચ્ચે થાય છે તેમા વોલેટ અને પ્રી-પેડ સુવિધા પણ ઉપલબ્ધ હશે.

---

### ન્યૂઝ બ્રિફ

#### પરાગ આગ ઓંકનારા ડ્રેગનની જેમ શક્તિશાળી નહતા : એલન મસ્ક



। વોશિંગ્ટન, તા.૫ ।

એલન મસ્કે ગયા વર્ષે ટ્વિટરની કમાન સાંભળતાની સાથે જ સીઈઓ પરાગ અગ્રવાલને હટાવી દીધા હતા. હવે આ અંગે ઘણી વાતો સામે આવી રહી છે. હાલમાં જ વાલ્ટર ઈસાકસને મસ્કના જીવન પર આધારિત એક પુસ્તક લખી છે. આ પુસ્તકમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે મસ્કે અગ્રવાલને એટલા માટે નોકરીમાંથી બરતરફ કર્યો હતો કારણ કે મસ્કને લાગતું હતુ કે તે આગ ઉગલનાર ડ્રેગનની જેમ શક્તિશાળી ન હતા.આ પુસ્તકમાં ગયા વર્ષે માર્ચમાં મસ્ક અને પરાગ અગ્રવાલ વચ્ચે થયેલી મુલાકાત વિશે જણાવવામાં આવ્યું છે.

---

### ૧૦ દિવસ સુધી ચાલશે અભ્યાસ

## ચીન-પાકિસ્તાન સરહદ પર ગરજ્યા રાફેલ અને મિરાજ

**ભારતીય વાયુસેના ચીન અને પાકિસ્તાનની સરહદ સાથેના ઉત્તરીય ક્ષેત્રમાં ત્રિશુલ અભ્યાસ કરી રહી છે**

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય વાયુસેના ચીન અને પાકિસ્તાનની સરહદ સાથેના ઉત્તરીય ક્ષેત્રમાં ત્રિશુલ અભ્યાસ કરી રહી છે. આ કવાયત રાફેલ, મિરાજ ૨૦૦૦ સહિત ફાઈટર એરક્રાફ્ટ સાથે ચિનૂક, અપાચે સહિત હેવી-લિફ્ટ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ સાથે કરવામાં આવી રહી છે. ગુરુ વિશેષ દળો પણ કવાયતનો એક ભાગ છે. જ્યાં વાયુ શક્તિના તમામ તત્વોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ કવાયત ૪ થી ૧૪ સપ્ટેમ્બર સુધી લદ્દાખ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને પંજાબ સહિતના ઉત્તરીય વિસ્તારોમાં થશે. જોકે, ફાઈટર જેટના અવાજથી સ્થાનિક લોકોમાં પણ ગભરાટનો માહોલ સર્જાયો હતો.

---

### એશિયા કપની નેપાળ સામેની મેચમાં ભારતનો દસ વિકેટે વિજય

## એશિયા કપમાં ૧૦ સપ્ટેમ્બરે ભારત અને પાકિસ્તાનની ફરી ટક્કર થશે

**નેપાળના બેટ્સમેનો પહેલીવાર ભારત જેવી મજબૂત ટીમનો સામનો કરી રહ્યા હોય તેવું એક સેકન્ડ માટે પણ ક્યારેય લાગ્યું ન હતુ**

। પલ્લેકેલે, તા.૫ ।

પાકિસ્તાન- શ્રીલંકામાં રમાઈ રહેલા એશિયા કપ ૨૦૨૩ની તેની બીજી મેચમાં ભારતે નેપાળને એકતરફી હરાવીને સુપર-૪માં પ્રવેશ કર્યો છે. વરસાદના કારણે ઘણી વખત મેચ રોકવી પડી હતી. પાકિસ્તાન સામેની પ્રથમ




મેચમાં ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લેનાર કેપ્ટન રોહિત શર્માએ આ વખતે પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પરંતુ ભારત સામે પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય મેચ રમી નેપાળી ટીમે ૪૮.૨ ઓવરમાં ૨૩૦ રનનો સન્માનજનક સ્કોર કરીને વિશ્વ ક્રિકેટનું દિલ જીતી લીધું હતું. ૨૩૧ રનના ટાર્ગેટના જવાબમાં જ્યારે ભારતે ૨.૧ ઓવરમાં વિના વિકેટે ૧૭ રન કર્યા હતા ત્યારે વરસાદના કારણે રમત રોકવી પડી હતી.

---

### સંસદના વિશે સત્રને લીધે રાજકારણ ગરમાયું

## સરકાર બંધારણમાંથી ઈન્ડિયા નામ હટાવવા માગે છે : જયરામ રમેશ

**રાષ્ટ્રપતિ ભવનમાં ૯ સપ્ટેમ્બરે જી-૨૦ ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઈન્ડિયાના રાષ્ટ્રપતિને બદલે**

। નવી દિલ્હી, તા.૫ ।

જ્યારથી સંસદના વિશેષ સત્ર બોલવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારથી રાજકારણ ગરમાયું છે. મોદી સરકારે વન નેશન વન ઈલેક્શન માટે કમિટીની પણ જાહેરાત કરી દીધી છે. આ મુદ્દે વિપક્ષ પહેલાથી જ પ્રહારો કરી રહી છે. હાલમાં જ કોંગ્રેસના નેતા જયરામ રમેશે સરકાર પર આરોપ લગાવ્યો છે કે મોદી સરકારે ઈન્ડિયા નામ હટાવી દીધું છે. રાષ્ટ્રપતિ ભવન તરફથી જી-૨૦ ડિનર માટેના આમંત્રણમાં ઈન્ડિયાના રાષ્ટ્રપતિને બદલે પ્રેસિડન્ટ ઓફ ભારત આ રીતે લખવામાં આવ્યું છે. આ મામલે જયરામ રમેશના સરકાર પર પ્રહારો સામે આવ્યા છે.સંસદના વિશેષ સત્રને શરૂ થવામાં ૧૩થી પણ ઓછા સમય દિવસ બાકી છે.

---

## કેટલાક પાકિસ્તાની પ્રશંસકો ભારત વિરોધી નારા લગાવી રહ્યા હતા : ગંભીર

। નવી દિલ્હી, તા.૫ ।

પૂર્વ ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાસ્તવમાં ભારત-નેપાળ મેચ દરમિયાન ગૌતમ ગંભીરે ચાહકોને મિડલ ફિંગર બતાવી હતી. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગૌતમ ગંભીરને સોશિયલ મીડિયા પર આકરી ટીકાનો સામનો કરવુ પડ્યું હતું. જો કે, હવે ગૌતમ ગંભીરે પોતે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો અંગે ખુલાસો કર્યો છે. ગંભીરે આખી ઘટના જણાવી હતી. ગૌતમ ગંભીરે પોતાની સ્પષ્ટતામાં કહ્યું હતું કે હું જ્યારે બહાર નીકળી રહ્યો હતો ત્યારે મેદાનમાં હાજર કેટલાક પાકિસ્તાની પ્રશંસકો ભારત વિરોધી નારા લગાવી રહ્યા હતા. જેનો મેં માત્ર જવાબ આપ્યો છે. ગૌતમ ગંભીરના જણાવ્યા અનુસાર, ભારત વિરોધી નારાઓ સિવાય પાકિસ્તાની પ્રશંસકો કાશ્મીરને લઈને નારા લગાવી રહ્યા હતા, ત્યારબાદ તેણે તે લોકોને જવાબ આપ્યો હતો. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરે કહ્યું કે જો કોઈ ભારત વિરોધી નારા લગાવશે અથવા ભારત વિરુદ્ધ વાત કરશે તો હું ચોક્કસ જવાબ આપીશ.

---

## વન નેશન વન ઈલેક્શન માટે સરકારે જૂનથી સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કર્યુ હતું

। નવી દિલ્હી, તા.૫ ।

'વન નેશન વન ઈલેક્શન' એ ભારતમાં લગભગ તમામ ચૂંટણીઓ એક જ સમયે યોજવાનો એક વિચાર છે. તેનો અર્થ એ છે કે દેશની કેન્દ્રીય સરકાર અને રાજ્ય સરકાર માટે અલગ-અલગ સમયે ચૂંટણી કરાવવાના બદલે, દર પાંચ વર્ષે એકસાથે ચુંટણી કરવામાં આવે. કેન્દ્ર સરકારે ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે જેમાં આ અંગે બીલ લાવવામાં આવી શકે છે. વિશેષ સત્ર બોલાવવાના કેન્દ્રના નિર્ણય બાદ 'વન નેશન વન ઈલેક્શન' માટે કમિટી બનાવવા બાબતેની માહિતી સામે આવી. અહેવાલો અનુસાર, સરકારે જૂન મહિનાની શરૂઆતથી તેની સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કરી દીધું હતું. આ સાથે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આ સમગ્ર પ્રક્રિયામાં મોટી ભૂમિકા ભજવતા જોવા મળ્યા હતા. જો કે, હજુ સુધી એ નક્કી નથી થયું કે આ સંબંધિત બિલ સત્રમાં રજૂ કરવામાં આવશે કે નહીં. પરંતુ એવું માનવામાં આવે છે કે જો આ બીલને મંજૂરી મળશે તો તે વિપક્ષને મોટો ઝટકો હશે. આ મામલે શુક્રવારે પૂર્વ રાષ્ટ્રપતિના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

---




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

ખુબ ખુબ અભિનંદન



ધોબી અમિતકુમાર રમણલાલ
સંતરામપુર લુણાવાડા તાલુકા પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત)
દૈનિક સમાચાર પત્ર
લુણાવાડા તાલુકા પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

ખુબ ખુબ અભિનંદન



ચૌહાણ ઓમકારસિંહ પુષ્પતસિંહ
ગામ - ઉડવા, સંતરામપુર પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત)
દૈનિક સમાચાર પત્ર
સંતરામપુરના ઉડવા ગામ ખાતે પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

ખુબ ખુબ અભિનંદન



પટેલ પુરષોત્તમભાઈ નાનાભાઈ
સંતરામપુર રૂરલ પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત)
દૈનિક સમાચાર પત્ર
સંતરામપુર રૂરલ પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

દરેક બનતી ઘટનાઓ ઉપર નજર
રોજ સમાચાર પત્રની પિડીએફ ફાઈલ
દેશ અને દુનિયાના દરેક સમાચારો
રાજ્યના દરેક ખુણામાં પત્રકારો
વેબસાઈટ, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ,
ટેલીગ્રામ દરેક ડિજીટલ પ્લેટફોર્મ ઉપર

www.cnngujarat.com
દેશ અને દુનિયાના સમાચાર હવે તમારી એક આંગળીના ઈશારા ઉપર...






## ભારે પવન સાથે મેઘસવારીની આગાહી

# લાંબા વિરામ બાદ કચ્છના માંડવી વિસ્તારમાં વરસાદનું આગમન થયું

### ઓગસ્ટ મહિનાથી ખેંચાયેલા વરસાદનું ફરી આગમન થયું છે, આજે અને આવતીકાલે ભારે પવન સાથે આગાહી કરવામાં આવી છે, આગામી ૫ દિવસ વરસાદની આગાહી છે

| કચ્છ, તા.૫ |

લાંબા અંતરાળ બાદ રાજ્યમાં વરસાદનું આગમન થયું છે. આજે સવારે કચ્છના માંડવીમાં વરસાદનું આગમન થતાં લોકોમાં ખુશી જોવા મળી રહી છે. લાંબા વિરામ બાદ મેઘરાજા વરસ્યા છે. માંડવીમાં વહેલી સવારથી વરસાદ વરસવાનું શરૂ થયું છે. વરસાદને લીધે રોડ-રસ્તાઓ પાણીમાં તરબોળ થયા છે. સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. નોંધનીય છે કે, આજે અને આવતીકાલે ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઓગસ્ટ મહિનાથી ખેંચાયેલા વરસાદનું ફરી આગમન થયું છે. આજે અને આવતીકાલે ભારે પવન સાથે આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસ વરસાદની આગાહી છે. ભારે પવન સાથે મેઘસવારી આવશે. બંગાળીની ખાડીમાં લો પ્રેશર સક્રિય થતાં ગુજરાતમાં વરસાદની



આગાહી છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડી શકે છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની આગાહી છે. હવામાન વિભાગે ૬ સપ્ટેમ્બરથી ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાનું જણાવ્યું છે. પાંચ દિવસ દરમિયાન વરસાદનું પ્રમાણ વધેલું જોવા મળશે અને જેમાં દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદ વધુ જોવા મળશે તેમ પણ જણાવ્યું હતું. હવામાન વિભાગ દ્વારા ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી રહી છે. ભારે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે તે જિલ્લાઓમાં નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાંથી ક્યાંક ભારે વરસાદ થઈ શકે છે. નોંધનીય છે કે, ગુજરાતમાં અત્યાર સુધીનો સરેરાશ વરસાદ જોઈએ તો રાજ્યમાં સૌથી ઓછો વરસાદ મધ્ય પૂર્વ ગુજરાત નોંધાયો છે. મધ્ય પૂર્વ ગુજરાતમાં ૬૬.૧૯ ટકા વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૬૭.૯૬ ટકા જ વરસાદ નોંધાયો છે. કચ્છમાં સરેરાશ ૧૩૬.૧૯ ટકા વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૧૧૦.૧૦ ટકા વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં ૭૩.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જોકે, આ વરસાદ પણ જુલાઈ મહિનામાં થયો છે. ઓગસ્ટ મહિનામાં માત્ર ૧૦ ટકા પણ વરસાદ નોંધાયો નથી.

## અમદાવાદના પોશ વિસ્તારમાંથી પકડાયું હાઈપ્રોફાઈલ જુગારધામ, ૧૯ની ધરપકડ

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદમાં થલતેજના ન્યુયોર્ક ટાવરમાંથી જુગાર રમતા ૧૯ જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. આ જુગારધામ એટલો મોટો હતો કે, રૂપિયાની નોટો ગણવા માટે જુગારીઓએ મશીન રાખ્યાં હતા. જોકે આજે પોલીસે જુગારીઓ પર તવાઈ બોલાવતાં તેમને ઝડપી પાડી અંદાજે રુપિયા ૪૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ચોંકાવનારી બાબત તો એ છે કે, આ જુગારધામમાં રીતસરનું કિચન, એર કન્ડિશન, સુવા માટેના બેડ અને સ્પા માટેના મશીનો પણ મળી આવ્યા હતા. એટલું જ નહિ, જુગારીઓ માટે સીસીટીવી સર્વેલન્સની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. જન્માષ્ટમીનો તહેવાર આવે એટલે ગુજરાતમાં જુગાર રમાય. જુગાર પર પ્રતિબંધ હોવા છતાં લોકો જુગાર રમતા હોય છે. આવામાં અમદાવાદના થલતેજ વિસ્તારમાંથી પોલીસે હાઈટેક જુગારધામ પકડી પાડ્યું છે. પીસીબીની રેડમાં ન્યુયોર્ક ટાવરના ૯ મા માળે ૯૨ નંબરના ફ્લેટમાં જુગાર રમતો ઝડપાયો હતો. જુગાર રમતા ૧૯ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યુ કે, પોલીસને બાતમી મળી હતી કે ન્યૂયોર્ક ટાવરના ૯ મા માળે જુગાર રમાડવામાં આવી રહ્યું છે.

## ટીચર્સ ડે સ્પેશિયલ

## શિક્ષકોના મેડિકલ ખર્ચ માટે પૂર્વ વિદ્યાર્થીઓની ૫૦ લાખની અનોખી ગુરુદક્ષિણા



| અમદાવાદ, તા.૫ |

આમ તો ગુરુ અને શિષ્યની વાત આવે ત્યારે ગુરુ દ્રૌણ અને એકલવ્યની વાત જરૂરથી થાય કારણ કે એકલવ્યએ પોતાના ગુરુને ડાબા હાથનો અંગૂઠો કાપી ગુરુ દક્ષિણા આપી હતી. પરંતુ હાલના સમયમાં ગુરુ દક્ષિણાનું અનોખું ઉદાહરણ સામે આવ્યું છે. અમદાવાની એક સ્કૂલમાંથી નિવૃત થઈ ગયેલા શિક્ષકોના મેડિકલ ખર્ચ માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૫૦ લાખનું ભંડોળ એકઠું કરી ગુરુ દક્ષિણા સ્વરૂપે આપ્યું છે. આગામી ત્રણ વર્ષમાં ૫ કરોડનું ભંડોળ ઊભું કરવાનો સંકલ્પ પણ કર્યો છે. વાત છે અમદાવાદની ખાનગી સ્કૂલની કે જેણે આ અનોખું અભિયાન શરૂ કર્યું છે. ઉદગમ સ્કૂલ અને તેના પૂર્વ વિદ્યાર્થીઓની શિક્ષક દિને પૂર્વે જ નિવૃત્ત શિક્ષકોના મેડિકલ ખર્ચ માટેના રકમ મોટી જાહેરાત કરી છે. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મનન ચોકસી જણાવે છે કે, વ્યક્તિના જીવન ઘડતરમાં ગુરુનું સ્થાન ખૂબ ઊંચું હોય છે એટલે ગુરુ માટે જેટલું કરો તે ઓછું છે. હાલની દુર્ભાગ્યપૂર્ણ વાસ્તવિકતા છે કે, નિવૃત્ત શિક્ષકો પેન્શન, મહેનતાણુ અથવા મેડિકલ લાભો માટે હકદાર ન હોવાથી તેમને ઘણીવાર પર્યાપ્ત હેલ્થકેરનો ખર્ચ ઉઠાવવામાં મૂશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. જેથી શાળા અને પૂર્વ વિદ્યાર્થીઓ સ્કૂલ ટીચર્સ એન્ડ એમ્પલોઈઝ વેલફેર એસોસિયેશન નામે ફંડની રચના કરી છે. શાળામાં સર્વિસના સમયગાળાને આધારે શિક્ષકો રૂ. ૫ લાખથી રૂ. ૧૫ લાખ વચ્ચે મેડિકલ ખર્ચ મેળવવાને પાત્ર રહેશે. હાલ સ્કૂલ અને કેટલાંક અગ્રણી પૂર્વ વિદ્યાર્થીઓએ રૂ. ૫૦ લાખનું ભંડોળ એકઠું કર્યું

## સાપુતારામાં ઝીરો વિઝીબીલીટી સાથે વરસાદ, ખેડૂતોમાં ખુશીનો માહોલ

| ડાંગ, તા.૫ |

રાજ્યમાં ગિરિમથક સાપુતારા સહિતની તળેટી વિસ્તારમાં વરસાદનું આગમાન થયુ છે. જેના કારણે ચાતક નજરે મેઘરાજાની રાહ જોતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. સાપુતારામાં વરસાદી માહોલ સાથે આજે સવારથી ગાઢ ધુમ્મસ છવાઈ જતા ત્યાં આવેલા પ્રવાસીઓમાં ખુશીનો માહોલ છવાયો છે. ઝીરો વિઝિબીલિટીને કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી બાજુ અમદાવાદ હવામાન વિભાગ દ્વારા પણ રાજ્યના અનેક વિસ્તારોમાં પાંચ દિવસ વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. સાપુતારા સહિત તળેટીમાં લાંબા વિરામ બાદ વરસાદ વરસતા લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.ખેડૂતો પણ પિયત માટે વરસાદની કાગ ડોળે રાહ જોતા હતા. ત્યારે અહીં વરસાદ થતા ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. વરસાદના આવવાથી ડાંગર, નાગલી, વરાઈ સહિતના ચોમાસું પાકને જીવનદાન મળ્યું છે.

## અમદાવાદમાં ૧૧થી ૧૬ સપ્ટેમ્બરે આઈટીએફ જે૩૦ ટેનિસ ટૂર્નામેન્ટ યોજાશે

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદમાં ૧૧મી સપ્ટેમ્બરે અમદાવાદમાં પ્રથમ વખત આઈટીએફ જે૩૦ ટેનિસ ટૂર્નામેન્ટ યોજાશે , જેમાં ગુજરાતના ૧૪ સહિત દેશના ૧૬૦ સ્પર્ધકો ભાગ લેશે. અંડર-૧૮ સ્પર્ધાના ૯મી અને ૧૦મી સપ્ટેમ્બરે ક્વોલિફાઈંગ રાઉન્ડ બાદ ૧૧ સપ્ટેમ્બરે મુખ્ય સ્પર્ધા શરૂ થશે. અમદાવાદના નવરંગ પુરા સરદાર પટેલ સ્ટેડિયમમાં અમદાવાદ સિટી ટેનિસ ફાઉન્ડેશન, ખાતે યોજાનારી સ્પર્ધા ૯ હાર્ડ સિન્થેટિક કોર્ટ પર રમાશે. આ બાબતે ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશનના પ્રમુખ ચિંતન પરીખે કહ્યં હતું કે આઈટીએફ જે૩૦ ટેનિસ ટુર્નામેન્ટમાં દેશભરના યુવા ટેનિસ ખેલાડીઓની પ્રતિભા દર્શાવવાની તક મળશે. છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાં લગભગ ૧૬૦ સહભાગીઓ સાથે, આ ટુર્નામેન્ટ અત્યંત રસપ્રદ બનશે. ગુજરાતના ખેલાડીઓને સ્પર્ધામાં ક્ષમતા દર્શાવવાની તક મળે એ હેતુથી સાત વાઈલ્ડ કાર્ડ્સ એન્ટ્રી અપાઈ છે.

એસીટીએફના માનદ સચિવ ભરત ચોકસીએ કહ્યું કે, આ સ્પર્ધાથી રાજ્યના ખેલાડીઓને વૈશ્વિક સ્તરે તેમની પ્રતિભા દર્શાવવાની તક સાંપડશે. જીએસટીએના માનદ સચિવ શ્રીમલ ભટ્ટે સ્પર્દા અંગે વધુ માહિતી આપતા કહ્યું કે, છોકરાના ગ્રુપમાં વ્રજ ગોહિલ ટોપ સીડ છે, સ્મિત પટેલ સ્પર્ધામાં એક્શનમાં જોવા મળશે અને ગર્લ્સ કેટેગરીમાં જાન્વી આસવા, પ્રિયંકા રાણા અને અવની ચિતાલેને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ મળશે. ૨૫૦ ની આસપાસ ઉચ્ચ આઈટીએફ જુનિયર રેંકિંગ મેળવનારા ખેલાડીઓને ગ્રાન્ડસ્લેમ ઈવેન્ટ્સમાં પણ ભાગ લેવાની તક મળશે.

## મિત્રો પાસેથી શીખ્યો દારૂ બનાવવાનો હુનર

# બંગલો ભાડે રાખી બનાવતા હતા નકલી ઈંગ્લિશ દારૂ

### પોલીસના હાથે જે બે શખ્સો પકડાયા તે બંને આ કેમિકલ વાળો દારૂ બનાવતા હતા અને તે બંને રીઢા આરોપી હોવાનું સામે આવ્યું છે

| સુરત, તા.૫ |

સુરત શહેર પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન સુરત સીટી નામનું અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં માદક પદાર્થો તેમજ ડ્રગનું વેચાણ કરતા અનેક શખ્સોને પોલીસ દ્વારા પકડવામાં આવ્યા છે, ત્યારે સુરત પીસીબી પોલીસને સુરત શહેરમાંથી કેમિકલવાળો નકલી ઈંગલિશ દારૂ બનાવવાની મીની ફેક્ટરી પકડવામાં મોટી સફળતા મળી છે. પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે અને કુલ ૯,૨૮,૩૨૦ના મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસના હાથે જે બે શખ્સો પકડાયા તે બંને આ કેમિકલ વાળો દારૂ બનાવતા હતા અને તે બંને રીઢા આરોપી હોવાનું સામે આવ્યું છે. શહેર પીસીબી પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને બાતમી મળી હતી કે, ઈચ્છાપોર વિસ્તારમાં આવેલ ડાયમંડ નગરની પોશ સોસાયટીમાં એક બંગલામાં બે શખ્સો કેમિકલવાળો ઈંગ્લિશ દારૂ બનાવવાની મીની ફેક્ટરી ચલાવી રહ્યા છે. ત્યારે આ



બાદમીના આધારેના ઈચ્છાપોર ડાયમંડ નગર હાઉસિંગ સોસાયટીના બંગલા નંબર ૬૩માં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન પોલીસને કલ્પેશ શામરીયા અને દુર્ગાશંકર ખટીક નામના બે શખસોને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. કલ્પેશ શામરીયા જમીન દલાલીનો ધંધો કરે છે અને તે મૂળ રાજસ્થાનનો રહેવાસી છે. તે સુરતના ઉમરા વિસ્તારમાં પાર્લે પોઈન્ટ પાસે આવેલી સરિતા દર્શન સોસાયટીનો રહેવાસી છે.

## પાંચ કરોડથી વધારેના હીરા લઇને ભાગેલા આરોપીઓને સુરત પોલીસે ઝડપી પાડ્યા

| સુરત, તા.૫ |

શહેરના સરથાણા વિસ્તારમાં ગુજરાત આંગડિયા પેઢીના કર્મચારીની કારને આંતરી કરોડોની કિંમતના હીરા લૂંટ કેસમાં ગુનાનો ભેદ સુરત અને જિલ્લા પોલીસ દ્વારા માત્ર ત્રણ કલાકની અંદર ઉકેલી આરોપીઓને દબોચી લેવાયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૪.૫૮ કરોડની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વલસાડ જિલ્લા પોલીસ પાસેથી આરોપીઓનો કબ્જો મેળવી આગળની તપાસ સુરત પોલીસે હાથ ધરી હતી. જે અંગે સુરત પોલીસ કમિશનર અજય તોમર દ્વારા સુરત ખાતે પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી. સુરતના સરથાણા વિસ્તારમાં થયેલી ચકચારી કરોડોની કિંમતના હીરા લૂંટ કેસ અંગે પત્રકાર પરિષદને સંબોધતા સુરત પોલીસ કમિશનર અજય તોમર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, લૂંટની આ ઘટના બનતાની સાથે જિલ્લા પોલીસને પણ એલર્ટ કરવામાં આવી હતી. રાજ્યની પોલીસ સાથે પણ સુરત પોલીસ સતત સંકલનમાં હતી.

## વિશેષ લેખ

### શિક્ષક દિન નિમિતે મહીસાગર જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષીક વિતરણ સમારોહ યોજાયો

# સમાજનું ઘડતર શિક્ષકોના હાથમાં છે, પુરાણકાળથી ગુરૂજનો સમાજમાં ઉચ્ચ આસને બીરાજે છે : સાંસદ રતનસિંહ રાઠોડ

મહીસાગર જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષીક વિતરણ સમારોહ સાંસદશ્રી રતનસિંહ રાઠોડેની અધ્યક્ષતામાં સંતરામપુર ટાઉનહૉલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સાંસદશ્રી રતનસિંહ રાઠોડે શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન અને તમામ ગુરુજનોની વંદના કરતા જણાવ્યુ હતું કે, શિક્ષકો આધુનિક ભારતના ઘડવૈયા છે. કોઈ પણ સમાજ અથવા દેશનું સારું ભવિષ્ય બનાવવાની જવાબદારી શિક્ષકોની છે. તેઓ વિદ્યાર્થીઓને સફળતાના શિખરો સુધી પહોંચવાનો માર્ગ બતાવવાનું કામ કરે છે. સમાજનું ઘડતર શિક્ષકોના હાથમાં છે, પુરાણકાળથી ગુરૂજનો સમાજમાં ઉચ્ચ આસને બીરાજે છે. પુર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસને ગુરૂને સન્માનવાનો દિવસ એટલે કે શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રમિલાબેન ડામોરે પુર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને તેમનો જન્મ દિવસ સમગ્ર રાષ્ટ્રના શિક્ષકોને સમર્પીત કરી દેશના ખુણે ખુણે સમાજમાં જ્ઞાનનું અજવાળુ ફેલાવનાર શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે. શિક્ષક અને માતા એક સિક્કાની બે બાજુ છે. શિક્ષણ બાળકના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને જિલ્લા અને તાલુકાના શ્રેષ્ઠ પારિતોષિક એવોર્ડ માટે તાલુકા કક્ષાએ પ્રાથમિક વિભાગમાંથી



સંતરામપુર તાલુકાના સંત શિક્ષણાનુભવ પ્રા.શાળાના આસિસ્ટન્ટ શિક્ષકશ્રી કોઠારી ફૈયાઝ અહેમદ શબ્બીર, ખાનપુર તાલુકામાથી છાણી પ્રા.શાળા આસિસ્ટન્ટ શિક્ષકશ્રી હિનાબેન જીવણભાઈ પટેલ અને સોમાભાઇ પૂજાભાઈ ડામોરને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી સન્માનવામાં આવ્યા હતા. જયારે જિલ્લા કક્ષા માટે પ્રાથમિક વિભાગમાથી સંતરામપુર તાલુકાના સંત શિક્ષણાનુભવ પ્રા.શાળાના આસિસ્ટન્ટ શિક્ષકશ્રી પ્રજાપતિ વર્ષાબેન મંગળભાઈ, જિલ્લા કક્ષા સી.આર સી/બી.આર.સી/કેળવણી નિરીક્ષક/એચ. ટાટ આચાર્ય વિભાગમાથી સતરામપુર તાલુકાના કણજરા પ્રાથમિક શાળાના એચ.ટાટ આચાર્ય શ્રી ઉમેશકુમાર કાંતિલાલ પુવાર અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાથી લુણાવાડા તાલુકાના મધવાસ ગામની નવસર્જન હાઈસ્કુલના મદદનિશ શિક્ષકશ્રી દિનેશભાઈ હીરાભાઈ પટેલને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી સન્માનવામાં આવ્યા હતા. સાથે સાથે શ્રેષ્ઠ દેખાવ કરનાર જિલ્લાના પ્રતિભાશાળી બાળકોમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધનામાં ૭ અને મુખ્યમંત્રી જ્ઞાન સેતુમાં ૫ વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર આપી સંન્માન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં યોજાયેલ બદલી કેમ્પમાં મહીસાગર જિલ્લામાં કેમ્પ દરમ્યાન ટેકનોલોજીનો ઉપયોગ કરી પારદર્શકતા સાથે ખાલી જગ્યાઓનું રીયલ ટાઈમ અપડેશન ગૂગલશીટના માધ્યમથી કરવામાં આવ્યું. બદલી માટે આવેલ શિક્ષકોએ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ટેકનોલોજીના માધ્યમથી કરવામાં આવેલ પારદર્શક આયોજનની પ્રસંશા કરી ખુશી વ્યકત કરી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આ કામગીરીમાં સહયોગી થનાર શિક્ષક મિત્રો સર્વશ્રી નરેન્દ્રભાઈ પટેલ, સોમાભાઇ પટેલ, મનોજકુમાર પટેલ, પરેશકુમાર પટેલ, રાકેશકુમાર બારૈયા, મેહુલકુમાર પટેલ, ભાવિકકુમાર પટેલ, હેમાંગકુમાર પટેલને સન્માનપત્ર આપવામાં આવ્યા હતા.

જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી બાબુભાઈ, જિલ્લા કલેકટરશ્રી ભાવિન પંડયા અને જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મળવા બદલ શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા સાથે સાથે જીવનમાં શિક્ષકોનું મહત્વ વર્ણવતા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

સમારોહના પ્રારંભમાં સંતરામપુર કન્યા શાળાની બાલીકાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટ્ય બાદ શરુ થયેલા કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો.અવનીબા મોરીએ મહાનુભાવોને આવકાર્યા હતા.અંતે શિક્ષણ નિરીક્ષકશ્રી સુનીલ પારગીએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે મહીસાગર જિલ્લાના વિવિધ શિક્ષણ સંઘના પ્રમુખશ્રીઓ અને હોદેદારશ્રીઓ, બી આર સી સી આર સી સહિત મોટી સંખ્યામાં શિક્ષક ભાઈઓ બહેનો ઉપસ્થિતિ રહ્યા હતા.કાર્યક્રમના અંતે ઉપસ્થિતોએ શિક્ષક દિન નિમિત્તે સંકલ્પ લીધો હતો.

## WC પહેલા આ ઓલરાઉન્ડર ભારત સામેની મેચમાં બહાર રાખતા ઓસ્ટ્રેલિયાને આંચકો

। નવી દિલ્હી, તા.૫ ।

આગામી ODI વર્લ્ડ કપ ૨૦૨૩ પહેલા ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગી શકે છે. ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર ભારત સામેની ૩ મેચની વનડે શ્રેણીમાંથી બહાર થઈ શકે છે. આ મેચ વિજેતા ઓલરાઉન્ડર સાવચેતીના પગલા તરીકે ભારત પ્રવાસમાંથી ખસી જવાનો નિર્ણય લઈ શકે છે. ગ્લેન મેક્સવેલને ગયા વર્ષે ડાબા પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી અને તે તેમાંથી સાજો થઈ ગયો છે, પરંતુ દક્ષિણ આફ્રિકા સામે તાજેતરમાં સમાપ્ત થયેલી T20 ઈન્ટરનેશનલ સિરીઝમાં તે પગની ઘૂંટીમાં દુખાવો અનુભવી રહ્યો હતો. 'ESPNcricinfo' અનુસાર, ગ્લેન મેક્સવેલે કહ્યું, 'હું ભારત સામેની શ્રેણીનો અમુક ભાગ રમવા માંગુ છું. પરંતુ આ અંગે મારા પર કોઈ દબાણ નથી.'' ઓસ્ટ્રેલિયન ટીમ વર્લ્ડ કપ પહેલા ત્રણ મેચની વનડે શ્રેણી માટે ભારત આવશે, જેની શરૂઆત ૨૨ સપ્ટેમ્બરે મોહાલી મેચથી થશે. સીલેક્ટરો અને સ્ટાફે મને ખૂબ સપોર્ટ કર્યો છે. તેઓ કોઈ પ્રકારની તારીખ નક્કી કરવા માટે મારા પર વધારે દબાણ કરવા માંગતા નથી કારણ કે, તેઓ જાણે છે કે, વર્લ્ડ કપ પહેલા તેમની પાસે થોડો વધારાનો સમય છે. તમામ ટીમોએ ૫ સપ્ટેમ્બર સુધીમાં વર્લ્ડ કપ માટે તેમની ૧૫ સભ્યોની ટીમ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ને સબમિટ કરવાની રહેશે, જ્યારે ૨૭ સપ્ટેમ્બર સુધી ફેરફાર કરી શકાય છે. મેક્સવેલના કહેવા પ્રમાણે, 'તેથી ઉતાવળ કરવાને બદલે હું મારી જાતને વધારાનો સમય આપવા માંગુ છું જેથી કરીને અમે આખી ટૂર્નામેન્ટમાં રમી શકીએ.' ગયા વર્ષે નવેમ્બરમાં જન્મદિવસની પાર્ટી દરમિયાન અકસ્માતમાં તેના ડાબા પગમાં ફ્રેક્ચર થયું હતું અને હવે તેના પગમાં મેટલ પ્લેટ નાખવામાં આવી છે.





### વન-ડે વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમની પસંદગીમાં ત્રણ ભૂલ

# સુર્યા-રાહુલનો સમાવેશ, અશ્વિનની બાદબાકી ભારતને ભારે પડી શકે છે

### યુઝવેન્દ્ર ચહલની ફરી એકવાર અવગણના કરવામાં આવી, સંજુ સેમસનને પણ પડતો મૂકવામાં આવ્યો

। નવી દિલ્હી, તા.૫ ।

વર્લ્ડ કપ ૨૦૨૩ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય પસંદગીકારોએ ઈશાન કિશનને તેના સતત મજબૂત પ્રદર્શન માટે પુરસ્કાર આપ્યો છે. તે જ સમયે, યુઝવેન્દ્ર ચહલ ફરી એકવાર પસંદગીકારોનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ રહ્યો છે. રવિચંદ્રન અશ્વિનના અનુભવને અવગણવામાં આવ્યો છે, જ્યારે સંજુ સેમસનને પણ તક મળી નથી. ભલે આ ટીમ કાગળ પર એકદમ સંતુલિત દેખાતી હોય, પરંતુ ભારતીય પસંદગીકારોએ ટીમની પસંદગી કરવામાં ત્રણ મોટી ભૂલો કરી છે, જેનું પરિણામ ટીમ ઈન્ડિયાને વર્લ્ડ કપમાં ભોગવવું પડી શકે છે. વર્લ્ડ કપ ૨૦૨૩ની ટીમમાં સૂર્યકુમાર યાદવની પસંદગી ચોક્કસપણે થોડી આશ્ચર્યજનક છે. સૂર્યા ભલે સુર્યા-૨૦માં શાનદાર હોય, પરંતુ ૫૦ ઓવરનું ફોર્મેટ ભારતીય બેટ્સમેનને અનુકૂળ નથી. સૂર્યા ભારત માટે અત્યાર સુધીમાં કુલ ૨૬ વન-ડેમેચ રમ્યો છે અને આ દરમિયાન તેણે ૨૪ની નજીવી એવરેજથી માત્ર ૫૧૧ રન જ બનાવ્યા છે. સૂર્યકુમાર આજ સુધી વનડેમાં એક પણ સદી ફટકારી શક્યો નથી.સંજુ સેમસન સૂર્યા કરતાં વધુ સારો વિકલ્પ સાબિત થઈ શક્યો હોત. વન-ડેફોર્મેટમાં સંજુનો રેકોર્ડ બેજોડ રહ્યો છે. આ વિકેટકીપર બેટ્સમેને ૫૦ ઓવરના ફોર્મેટમાં અત્યાર સુધી કુલ ૧૩ મેચ રમી છે અને આ દરમિયાન તેણે ૫૫ની એવરેજથી ૩૯૦ રન બનાવ્યા છે. સંજુનો સ્ટ્રાઈક રેટ પણ સૂર્યકુમાર કરતા સારો છે. ભારતીય પસંદગીકારોને ફરી એકવાર કેએલ રાહુલ પર વિશ્વાસ છે. રાહુલને એશિયા કપ ૨૦૨૩ની ટીમમાં પણ પસંદ કરવામાં આવ્યો છે. પરંતુ તે અત્યાર સુધી એક પણ મેચ રમી શક્યો નથી. રાહુલ વર્લ્ડ કપ સુધી ફિટ થઈ જાય તો પણ મેગા ઈવેન્ટમાં તેના બેટથી રન ઉપજશે તેની શું ગેરંટી છે. યાદ રાખવા જેવી વાત એ છે કે રાહુલ લગભગ ચાર-પાંચ મહિનાથી ક્રિકેટથી દૂર છે. આવી સ્થિતિમાં, જ્યારે તે વર્લ્ડ કપ જેવા મોટા મંચ પર આવશે ત્યારે તે સારું પ્રદર્શન કરી શકશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે.

વર્લ્ડ કપ ૨૦૨૩ ભારતની ધરતી પર યોજાવાનો છે. ભારતીય પીચો પર સ્પિનરોનું વર્ચસ્વ છે. રવિચંદ્રન અશ્વિનનો રેકોર્ડ પણ ભારતની ધરતી પર બેજોડ છે. તે જ સમયે, ચહલ નિર્ણાયક સમયે વિકેટ લેવાની કળા જાણે છે. જો કે તેમ છતાં ભારતીય પસંદગીકારોએ આ બે દિગ્ગજ સ્પિનરોને વર્લ્ડ કપ ટીમમાં સામેલ કર્યા નથી. આ નિર્ણય વર્લ્ડ કપમાં પસંદગીકારો માટે મોંઘો સાબિત થઈ શકે છે.

### વન-ડે વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત

## રોહિત શર્માના નેતૃત્વ હેઠળની વર્લ્ડ કપ માટેની ટીમમાં ગિલ-યાદવને તક

### ૧૫ સભ્યોની ટીમમાં ગુજરાતના ચાર ખેલાડીઓ હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, જસપ્રિત બુમરાહ અને અક્ષર પટેલને સ્થાન મળ્યું,

। નવી દિલ્હી, તા.૫ ।



વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ જાહેર કરી દીધી છે. ભારતીય ટીમની કમાન રોહિત શર્મા સંભાળશે. રોહિત શર્માના નેતૃત્વ હેઠળ ટીમ ઈન્ડિયામાં કેટલાંક યુવા ખેલાડીઓને પણ તક મળી છે. વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહની ટીમમાં પહેલાથી જ જગ્યા પાક્કી હતી. આ સાથે શુભમન ગિલ અને કુલદીપ યાદવને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં સમાવેશ થતાં ખેલાડીઓની યાદી નીચે મુજબ છે.

### ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટરની ખાસ માગ

## ટીમ ઈન્ડિયાની જર્સી પર ભારત લખવા બીસીસીઆઈ સમક્ષ સેહવાગની માગ

### ઇન્ડિયા નામ અંગ્રેજો દ્વરા આપવામાં આવ્યું છે અને આપણા મૂળ નામ ભારતને સત્તાવાર રીતે ફરી પામવામાં ઘણો લાંબો સમય લાગી ગયો છે : સેહવાગ

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી વીરેન્દ્ર સેહવાગે બીસીસીઆઈથી એક ખાસ માંગ કરી છે. સેહવાગે ભારતીય ટીમની જર્સી પર 'ઈન્ડિયા'ના સ્થાને 'ભારત' લખવા માટે કહ્યું છે. સેહવાગે કહ્યું કે ઈન્ડિયા નામ અંગ્રેજોએ આપ્યું હતું. તેણે વર્લ્ડ કપ માટે જાહેર કરાયેલી ભારતીય ટીમ માટે બીસીસીઆઈને ટ્રોલ પણ કર્યો હતો. સેહવાગે કહ્યું, 'ટીમ ઈન્ડિયા નહી, ટીમ ભારત. સેહવાગે એક્સ(ટ્વિટર) પર લખ્યું, ' હું હંમેશાથી એવું માનું છું કે નામ એવું હોવું જોઈએ જેના પર ગર્વ થાય. અમે ભારતીય છીએ, ઈન્ડિયા નામ અંગ્રેજો દ્વરા આપવામાં આવ્યું છે અને અમારા મૂળ નામ ભારતને સત્તાવાર રીતે ફરી પામવામાં ઘણો લાંબો સમય લાગી ગયો છે. હું બીસીસીઆઈઅને જય શાહથી આગ્રહ કરું છું કે તે સુનિશ્ચિત કર કે આ વર્લ્ડ કપમાં અમારા ખેલાડીઓની જર્સી પર ભારત લખેલું હોય.સેહવાગે આ અંગે ઘણાં ઉદાહરણ પણ આપ્યા હતા. સહવાગે ઉદાહરણ આપતા આગળ કહ્યું, '૧૯૯૬ વર્લ્ડ કપમાં નેધરલેન્ડ હોલેન્ડ તરીકે વર્લ્ડ કપ રમવા માટે ભારત આવ્યું હતું.

વર્ષ ૨૦૦૩ જયારે અમે તેમની સામે રમ્યા ત્યારે તેઓ નેધરલેન્ડની ટીમ તરીકે અમારી સામે રમ્યા હતા અને હજુ પણ તેઓ તે જ નામ સાથે રમે છે. બર્માએ અંગ્રેજો દ્વારા આપવામાં આવેલ નામને બદલીને મ્યાનમાર કરી દીધું છે અને અન્ય ઘણા લોકો તેમના મૂળ નામ પર પાછા ફર્યા છે.



નવી દિલ્હીમાં જી-૨૦ પ્રી-સિમિટ ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેન્કના ડેપ્યુટીના બેઠક દરમિયાન પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં.

### નેપાળ સામેની મેચમાં સુકાની રોહિત શર્મા પ્લેયર ઓફ ધ મેચ

## મેચના બાદ ભારતીય ખેલાડીઓએ નેપાળના ખેલાડીઓનું સન્માન કર્યું

### વીડિયોમાં ભારતીય ખેલાડીઓ પડોસી દેશના ખેલાડીઓ સાથે ડ્રેસિંગરૂમમાં હાથ મિલાવતા અને મેડલ પહેરાવતા પણ જોવા મળ્યા

। પલ્લેકેલે, તા.૫ ।

એશિયા કપ ૨૦૨૩માં ગઈકાલે ભારત અને નેપાળ વચ્ચે મેચ રમાયેલી મેચમાં ભારતીય ટીમે ૧૦ વિકેટથી શાનદાર જીત મેળવી હતી. કેપ્ટન રોહિત શર્મા અને શુભમન ગિલે શાનદાર ફિફ્ટી ફટકારી હતી. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બેટિંગ કરવા ઉતરેલી નેપાળની ટીમે ૨૩૦ રન બનાવ્યા હતા. ત્યારબાદ વરસાદના કારણે અટકાયેલી મેચમાં ભારતે ૨૦.૧ ઓવરમાં ૧૪૭ રન બનાવી જીત મેળવી હતી. રોહિત શર્માને ૭૪ રનની શાનદાર ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. મેચ બાદ ભારતીય ખેલાડીઓએ નેપાળી ખેલાડીઓનું પણ સમ્માન કર્યું હતું જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં ભારતીય ખેલાડીઓ પડોસી દેશના ખેલાડીઓ સાથે ડ્રેસિંગરૂમમાં હાથ મિલાવતા અને મેડલ પહેરાવતા પણ જોવા મળી રહ્યા છે. ભારતીય સ્ટાર પ્લેયર્સ પાસેથી આવો સન્માન પામીને નેપાળના ખેલાડી ખુબ ખુશ થયા હતા. આ વીડિયોને ક્રિકેટ ફેન્સ પણ ખુબ પસંદ કરી રહ્યા છે. રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

### ૭ સપ્ટેમ્બરે દિલ્હી આવશે બાઇડન

## G-20 નેતાઓનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ સપ્ટેમ્બરના રોજ કરશે સ્વાગત

### ૯ સપ્ટેમ્બરના રોજ G૨૦ દેશોના નેતાઓની પત્નીઓને કૃષિ સંશોધન સંસ્થાની મુલાકાત લેવા માટે લઈ જવામાં આવશે

। નવી દિલ્હી, તા.૫ ।



ભારત G૨૦ ના અધ્યક્ષના રૂપ માં ૯-૧૦ સપ્ટેમ્બરના રોજ જી-૨૦ વાર્ષિક સમિટનું આયોજન કરી રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન સહિત વિશ્વના બે ડઝનથી વધુ નેતાઓ તેમાં ભાગ લેવાના છે. સમિટને લઈને રાષ્ટ્રીય રાજધાનીમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સેનાની સાથે સીઆરપીએફ અને દિલ્હી પોલીસના જવાનોને પણ વિદેશી મહેમાનોની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવશે. જી-૨૦ સમિટમાં ભાગ લેવા માટે બાઈડન ૭ સપ્ટેમ્બરે ભારત આવશે અને ૮ સપ્ટેમ્બરે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. જો કે તેની સત્તાવાર જાહેરાત હજુ થવાની બાકી છે. કોન્ફરન્સ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ સપ્ટેમ્બરે બ્રાઝિલના રાષ્ટ્રપતિને G૨૦ પ્રમુખપદની કમાન સોંપશે. બ્રાઝિલ ૧ ડિસેમ્બરે ઔપચારિક રીતે G૨૦નું પ્રમુખપદ સંભાળશે. G૨૦ દેશોના નેતાઓ ૮ સપ્ટેમ્બરે આવશે. ૯મી અને ૧૦મી સપ્ટેમ્બરે ૪૨૦ સમિટ! ૯ સપ્ટેમ્બરે સવારે ૯ થી ૧૦ વાગ્યાની વચ્ચે પીએમ મોદી ૪૨૦ નેતાઓનું સ્વાગત કરશે. G૨૦ સમિટના બે દિવસમાં કુલ ત્રણ સત્રો હશે. પ્રથમ સત્ર સવારે ૧૦ થી ૧૧ વાગ્યાની આસપાસ શરૂ થશે અને ૧ થી ૧.૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. પ્રથમ સત્રનું શીર્ષક 'વન અર્થ/પ્લેનેટ હશે. આ સત્રમાં 'ટકાઉ વિકાસ અને સ્થિર આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા'ના મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. પ્રથમ દિવસ ભારત મંડપમ ખાતે રાત્રિભોજન સાથે સમાપ્ત થશે. અહીં લગભગ ૩૫૦ થી ૪૦૦ લોકો માટે રાત્રિભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્વારા આ ડિનરનું આયોજન કરવામાં આવે તેવી શક્યતા છે. ૯ સપ્ટેમ્બરના રોજ ૪૨૦ દેશોના નેતાઓની પત્નીઓને કૃષિ સંશોધન સંસ્થાની મુલાકાત લેવા માટે લઈ જવામાં આવશે. બાજરી પર ભારત દ્વારા કરવામાં આવેલ કામ બતાવવામાં આવશે. આ પછી G૨૦ નેતાઓની પત્નીઓને નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટના પ્રવાસ પર લઈ જવામાં આવશે. અહી ભારતીય કલાનું પ્રદર્શન કરવામાં આવશે.

### ભારતમાં બેરોજગારીનો દર આઠ ટકા, પાકિસ્તાન કરતા વધુ

। નવી દિલ્હી, તા.૫ ।

વૈશ્વિક આર્થિક મંદીએ દુનિયાભરમાં બેરોજગારી પ્રમાણ વધારે છે. ખાસ કરીને કોવિડ-૧૯ મહામારી અને રુસ-યુક્રેન બાદ ગ્લોબલ લેવલ પર બેરોજગારીનું પ્રમાણ વધી ગયુ છે. કેટલાક દેશોમાં મંદીની આશા વધારે રહેલી છે, જેમા જર્મની, યુકે, અમેરિકા અને યુરોપના કેટલાક દેશો સામેલ છે. મંદીની આશંકા બાદ દુનિયાભરમાં બેરોજગારી ઝડપી વધી રહી છે. ગ્લોબલ લેવલે આર્થિક સંકટના કારણે મોટી -મોટી કંપનીઓમાંથી લાખો લોકોની છટણી કરવામાં આવી છે. અહીં બેરોજગારી દર ૩૨.૬ ટકા છે. તો ઈરાકમાં ૧૫.૫૫ ટકા બેરોજગારીનો દર બીજા નંબર પર છે.

### સપ્તાહના બજારના કારોબારના બીજા દિવસે પણ તેજી

## બજારની ચાલ સપાટ, સેન્સેક્સ ૧૫૨ પોઇન્ટ અપ, નિફ્ટી ૧૯૫૫૦ને પાર

### ગ્લોબલ સંકેતો, બેકિંગ અને આઇટી સ્ટોક્સમાં જોરદાર તેજી દેખાઇ

। મુંબઈ, તા.૫ ।



સપ્તાહના બીજા કારોબારી દિવસે ભારતીય શેર બજારમાં ફરી એકવાર તેજી જોવા મળી, ગ્લૉબલ સંકેતો, બેકિંગ અને આઈટી સ્ટૉક્સમાં જોરદાર તેજી દેખાઈ. આજનો કારોબાર ખતમ થવા પર બીએસઇ સેન્સેક્સ ૦.૨૩ ટકાના વધારા અને ૧૫૨.૧૨ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૫,૭૮૦.૨૬ અને નેશનલ સ્ટૉક્સ એક્સચેન્જનો નિફ્ટી ૦.૨૪ ટકાના વધારા અને ૪૬.૧૦ પૉઈન્ટના ઉછાળાની સાથે ૧૯,૫૭૪.૯૦ પૉઈન્ટ પર ક્લૉઝ થયો છે. શેરબજારનું આજે ક્લૉઝ સારા મૉમેન્ટમ સાથે રહ્યું હતું. સેન્સેક્સ બરાબર ૬૫૭૮૦ ના સ્તર પર બંધ થયો છે અને નિફ્ટી ૧૯૫૭૭ના સ્તર પર બંધ થયો છે. શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ૦.૨૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. શેરબજારના કુલ માર્કેટ કેપમાં રૂ. ૧.૭૦ લાખ કરોડનો ઉછાળો આવ્યો છે.બીએસઈસેન્સેક્સ ૧૫૨.૧૨ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા વધીને ૬૫,૭૮૦ ના સ્તર પર ટ્રેડિંગ બંધ કરી રહ્યો છે. આ સિવાય એનએસઈનો નિફ્ટી ૪૯.૦૫ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાના વધારા સાથે ૧૯,૫૭૭ ના સ્તર પર બંધ થવામાં સફળ રહ્યો છે.

સેન્સેક્સના ૩૦માંથી ૧૮ શેરોમાં તેજી સાથે ટ્રેડિંગ બંધ થયું છે અને ૧૨ શેરો ઘટાડા સાથે બંધ થયા છે.

## ચાંદની રાતમાં જ શા માટે તોડવામાં આવે છે ભારતની સૌથી મોંઘી ચા?

। નવી દિલ્હી, તા.૫ ।

જો ભારતીય ઉત્પાદનની વાત કરીએ તો આસામ, કેરળ અને પશ્ચિમ બંગાળનો ઉલ્લેખ છે. પરંતુ શું તમે જાણો છો કે દાર્જિલિંગમાં એક ખાસ ચા ઉગાડવામાં આવે છે, જે વિશ્વની સૌથી મોંઘી ચામાંની એક છે. અમે વાત કરી રહ્યા છીએ સિલ્વર ટિપ્સ ઈમ્પિરિયલ ટી વિશે. આ ચાના પાંદડાઓની એક દુર્લભ વિવિધતા છે અને તે પૂર્ણ ચંદ્રની રાત્રે જ તોડી લેવામાં આવે છે. વર્ષમાં માત્ર ચાર કે પાંચ વખત જ તેની લણણી થાય છે. સિલ્વર ટીપ્સ ઈમ્પીરીયલ ચા મકાઈબારી ચાના બગીચાના અમુક ખાસ લોકો દ્વારા જ તેડવામાં આવે છે. પૂર્ણિમાની રાત્રે આ લોકો હાથમાં મશાલ લઈને તેની કળીઓ ચૂંટી લે છે. તમે તસવીરોમાં પણ જોઈ શકો છો કે કેવી રીતે એક હાથે ટોર્ચ પકડીને અને બીજા હાથે કળીઓ ચૂંટવાનું કામ થઈ રહ્યું છે. વૃક્ષારોપણના કામદારોના મતે, આ ચામાં પૃથ્વીનો દરેક જાદુ, બ્રહ્માંડના દરેક રહસ્યો અને માટીની તમામ શક્તિઓ સમાયેલી છે. ચળકતા ચંદ્રપ્રકાશમાં કામદારો ગાતા અને ગુંજારવીને કળીઓ ચૂંટે છે અને કળીઓ પેક કરીને પરોઢ પહેલા મોકલવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જો સૂર્યના કિરણો તેના પર પડે તો તેની સુગંધ ઓછી થઈ જાય છે.

## તંત્રી લેખ...

# અઘોષિત ડ્રોન યુદ્ધ

ભારતમાં યુવા પેઢીને પથભ્રષ્ટ કરવા અને આતંકવાદને ઉત્તેજન આપવા માટે પાકિસ્તાન મોટા પાયે ડ્રોન દ્વારા નશીલા પદાર્થો મોકલતું રહે છે. આ ખેલ દેશના સીમાવર્તી વિસ્તારોમાં લાંબા સમયથી ચાલુ છે. પાકિસ્તાનની ધરતીથી ઉડનારા આ ડ્રોન કાશ્મીર અને પંજાબના સીમાવર્તી વિસ્તારોમાં આતંકીઓને હથિયાર અને પૈસા ઉપલબ્ધ કરાવવા માટે નશાની ખેપ સતત મોકલતા રહે છે. જ્યારે પાકિસ્તાને ક્યારેય આ સચ્ચાઈનો સ્વીકાર નથી કર્યો કે તેની ધરતીથી સતત ભારત વિરોધી ગતિવિધિઓ ડ્રોન દ્વારા ચાલુ છે. પરંતુ હાલમાં જ પાક. વડાપ્રધાન શહબાઝ શરીફના વિશેષ રક્ષા સહાયક મલિક મોહંમદ ખાને એક ટીવી ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું કે સીમા પારથી ભારતમાં નશીલા પદાર્થોની તસ્કરી માટે પાકિસ્તાની ડ્રોનોનો ઉપયોગ કરાઈ રહ્યો છે. અસલમાં મોહંમદ ખાન પ્રાંતીય વિધાનસભામાં કસૂર શહેરનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે પોતાના વિસ્તારમાં પૂર પીડિતોના પુનર્વાસ માટે વિશેષ પેકેજની માંગ કરી હતી. આ માંગ માટે દબાણ બનાવવા તેમણે સાર્વજનિક રૂપે કહ્યું કે જો સમય રહેતાં પૂર પીડિતોની મદદ ન મળતી તો આ વિસ્તારના યુવાઓ પણ એ તસ્કરોમાં સામેલ થઈ જશે, જેઓ નિયંત્રણ રેખા નજીક આવે કસૂરના રસ્તે ભારતમાં હેરોઈન મોકલવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. દેખીતું છે કે પાકિસ્તાની વડાપ્રધાનના સલાહકારની આ સ્વીકારોક્તિ એ વાતની પુષ્ટિ કરે છે કે શરીફ સરકારના નાક નીચે ડ્રોન દ્વારા માદક પદાર્થોનો ધંધો બેફામ ચાલુ છે. એટલે કે નશા તસ્કરોને રોકવાના કોઈ પ્રયાસ નથી થઈ રહ્યા. અસલમાં અત્યાર સુધી પર્યાપ્ત પુરાવા છતાં પાકિસ્તાન લાંબા સમયથી કોઈપણ રૂપે સીમા પારથી આતંકવાદને સહાયતા કે ઉત્તેજન આપવામાં પોતાની કોઈપણ પ્રકારની ભૂમિકાથી ઈનકાર કરતું રહ્યું છે. ગત દિવસોમાં જમ્મુ-કાશ્મીર અને સીમાવર્તી રાજ્ય પંજાબમાં ડ્રોન દ્વારા ડ્રગ્સ અને હથિયારની ખેપ મોકલવાની કેટલીય ઘટનાઓ જોવા મળી છે. કેટલાય ડ્રોનોને સીમા સુરક્ષા દળના જવાનોએ તોડી પાડ્યાં છે. હાલમાં જ માદક દ્રવ્યોની તસ્કરી અને રાષ્ટ્રીય સુરક્ષા પર થયેલ સંમેલનમાં મુખ્યમંત્રી ભગવંત માને ગૃહમંત્રી અમિત શાહને ડ્રોન રજિસ્ટ્રેશનને અનિવાર્ય બનાવવાનો આગ્રહ કર્યો હતો. સાથે જ તેમણે જણાવ્યું હતું કે સીમા પારથી હથિયારો અને હેરોઈનની તસ્કરી માટે મોટા પાયે પાકિસ્તાનથી ડ્રોનનો ઉપયોગ થઈ રહ્યો છે. તેના જવાબમાં શાહે જાહેરાત કરી હતી કે કેટલાય પ્રકારના પ્રતિબંધોવાળી નવી ડ્રોન નીતિની જાહેરાત જલ્દી કરવામાં આવશે. નિઃસંદેહ, ડ્રોન તસ્કરીના ખતરાને જોતાં તેના મુકાબલે એક મજબૂત નીતિની તાતી જરૂર છે. જ્યારે પાક. અધિકારીની સ્વીકારોક્તિ બાદ આ મુદ્દે પાકિસ્તાનને ઘેરવાની કોઈ કસર ભારતે ન છોડવી જોઈએ. આ સારો મોકો છે.

## વિપક્ષી ગઠબંધનની રાહ આસાન નથી

પટનામાં મંથન બાદ બેંગલુરુમાં બ નેલા વિપક્ષી ગઠબંધનની દિશા હવે મુંબઈમાં નક્કી થશે. ૨૬ પક્ષોનું વિપક્ષી ગઠબંધન આઈએનડીઆઈએની મુંબઈમાં ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે થનારી ત્રીજી બેઠક કેટલાય કારણોસર મહત્ત્વપૂર્ણ છે. બેંગલુરુ બેઠક બાદ કેટલાક ઘટનાક્રમોની અસર આઈએનડીઆઈએની રાજનીતિ-રણનીતિ પર પડ્યા વિના નહીં રહી શકે. આ દરમ્યાન રાહુલ ગાંધીની લોકસભા સદસ્યતા બહાલ થઈ ચૂકી છે, તો દિલ્હીથી લઈને રાજસ્થાન-છત્તીસગઢ સુધી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અલગ-અલગ ચૂંટણી તેવર દેખાડી રહી છે. બેંગલુરુ બેઠકમાં ગઠબંધનના નામકરણથી લઈને સંયોજકના નામ સુદ્ધાં પર મતભેદના સમાચારો આવ્યા હતા. છતાં વિપક્ષી ગઠબંધન આઈએનડીઆઈએ નામકરણમાં સફળ રહ્યું. એ અલગ વાત છે કે તેને અદાલતમાં પડકાર ફેંકવામાં આવ્યો છે. હવે મુંબઈમાં વિપક્ષી નેતાઓએ સંયોજકની પસંદગીના પડકાર સામે ઝઝૂમવાનું છે, બલ્કે બેંગલુરુની ઘોષણા અનુસાર ૧૧ સભ્યોની સમન્વય સમિતિ પણ બનાવવી પડશે. બેંગલુરુ બેઠકમાં વિપક્ષના મંચ પર ૨૬ પક્ષોના નેતા દેખાશે. મુંબઈમાં આ સંખ્યા વધશે કે ઘટશે તે રસપ્રદ રહેશે, કારણ કે કેટલાક બીજા પક્ષો જોડાવાની ચર્ચા પણ ચાલે છે. રાજકીય પક્ષો-નેતાઓના પાટલી બદલના ખેલ તો ચૂંટણી સુધી ચાલી શકે છે, પરંતુ આ દરમ્યાન એનસીપી પ્રમુખ શરદ પવારની પોતાના બળવાખોર ભત્રીજા અજીત પવાર સાથે મુલાકાતથી વિપક્ષી જૂથમાં શંકા અને સવાલ પેદા થયા છે. વિચિત્ર સ્થિતિ છે કે મુંબઈ બેઠકના ત્રણમાંથી એક યજમાનની નિષ્ઠા જ શંકા અને સવાલોના દાયરામાં છે. મરાઠા નેતાને સીધો સવાલ પૂછવાની હેસિયત ન હોવા છતાં પણ અન્ય વિપક્ષી દળો તેમને સાથે લઈને આશ્વસ્ત ચોક્કસ થવા માંગશે, પરંતુ પવારની 'પાવર પોલિટિક્સ'ને સમજી શકવી ક્યારેય આસાન નથી રહ્યું. શિવસેનામાં બળવાને કારણે મુખ્યમંત્રી પદેથી બેદખલ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર વચ્ચે સમજદારી પર વધારે શંકા નથી, પરંતુ મહારાષ્ટ્ર કોંગ્રેસમાં પવાર વિરોધીઓની સંખ્યા ઓછી નથી. સત્ય એ પણ છે કે વિપક્ષી જૂથમાં શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે જ છે, જેમના નામ પર મહારાષ્ટ્રમાં વોટ મળી શકે છે. દેખાડા અને દાવા જે પણ કરવામાં આવે, સત્ય એ જ છેકે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે અવિશ્વાસની ખાઈ જેમની તેમ જ છે. બેંગુલુરુ બેઠકમાં સામેલ થવા માટે આમ આદમી પાર્ટી સંયોજક અરવિંદ કેજરીવાલે શરત મૂકી હતી કે પહેલાં કોંગ્રેસ એ અધ્યાદેશનો રાજ્યસભામાં વિરોધ કરવાની ઘોષણા કરે, જેના દ્વારા દિલ્હી સરકારને અધિકારીઓની તબદીલી-તૈનાતિના અધિકારથી વંચિત કરી દીધી છે. કદાચ વ્યાપક વિપક્ષી એક્તાને ખાતર કોંગ્રેસ માની પણ જાય. જોકે રાજનીતિની સમજ ધરાવતા સારી રીતે જાણે છે કે આવી શરત વિના કોંગ્રેસ અધ્યાદેશનું સમર્થન કરીને પોતાના પગ પર કુહાડી નહોતી મારવાની. બાદમાં કેજરીવાલે કોંગ્રેસને આ સમર્થન માટે પત્ર લખીને આભાર વ્યક્ત કર્યો. પોતાની બરતરફી વિરુદ્ધ ચોમાસુ સત્રમાં સંસદ ભવન પરિસરમાં જ ધરણા પર બેસી ગયેલા આમ આદમી પાર્ટી સાંસદ સંજય સિંહને બાકી વિપક્ષ સાથે ખુદ સોનિયા ગાંધીએ પહોંચીને સમર્થન આપ્યું. આમ આદમી પાર્ટીએ પણ સંસદ સદસ્યતા બહાલી બાદ સંસદ પહોંચેલા રાહુલ ગાંધીનું એકજુટ વિપક્ષ સાથે સ્વાગત કર્યું, પરંતુ એકજુટતાના આ પ્રદર્શન છતાં વાસ્તવમાં આ બંને પક્ષો વચ્ચે કશું બદલાયું નથી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ દિલ્હીના કોંગ્રેસીઓ સાથે ચૂંટણી રણનીતિ પર ચર્ચા કરી તો એ દરમ્યાન આમ આદમી પાર્ટીમાં રહીને આવેલાં અલકા લાંબાએ કહ્યું કે કોંગ્રેસ તમામ સાત લોકસભા સીટો પર ચૂંટણી લડશે. ત્રણ વખતથી સત્તારૂઢ આમ આદમી પાર્ટીની એના પર આકરી પ્રતિક્રિયા આવવાની જ હતી.

# બ્રહ્માજીએ સહસ્ત્ર કમળ પૂજામા ચઢાવેલું ચક્ષુ પોતાના લલાટમાં ધારણ કર્યું, ત્યારથી શંકર ત્રિનેત્રેશ્વર કહેવાયા



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આજે શ્રાવણ વદ સાતમ એટલે કે શીતળા સાતમનો લોક તહેવાર છે એટલે કે આજથી હવે મેળો શરૂ અને હવે તો ગણ્યાં ગાંઠ્યા દિવસ જ બાકી છે, એટલે લોકો શિવ મહિમા કરવા શિવાલયના દર્શન અધીરા બન્યા છે, જે નહીં જઈ શક્યા હોય તે આ સમયગાળા દરમિયાન મેળા ને બહાને તીર્થમાં ભગવાન શિવનાં દર્શન કરવા જરૂરથી જશે. ભોળો શંભુ એના નામ પ્રમાણે જ ભોળો છે, અથવા તો એ ભોળો છે માટે તેનું નામ ભોળો નાથ પાડવામાં આવ્યું છે, અને માત્ર ભાવથી જ્યાં હોઈએ ત્યાં ઓમ નમઃ શિવાયનું શુદ્ધ હૃદયથી સ્મરણ કરીએ, એટલે ભગવાન આપણી પર અપરંપાર કૃપા કરે છે. ઓમકાર મંત્રથી પણ નાદ બ્રહ્મનો અહેસાસ થાય છે. મોટા મોટા પંડિતો કાશીમાં જઈને જે ગહન જ્ઞાન પ્રાપ્ત કરે છે, એ માત્ર અને માત્ર ભોળાનાથની અપરંપાર કૃપાથી આપણે સીધીસાદી ભક્તિથી પણ પ્રાપ્ત કરી શકીએ છીએ, અને કદાચ એટલે જ ભગવાન ત્રિનેત્ર તેને સમજવા વાળાના ભાલમા સમજણનું ત્રીજું નેત્ર ખોલે છે, અને જે દરેકે દરેક પરિસ્થિતિમાં સમાધાન ગોતી અને સમસ્યાનું વિષ પી જાય છે. સુરેન્દ્રનગર જિલ્લો એટલે કે જે સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર છે તેમાં થાનગઢ પાસે આવેલું ત્રિનેત્રેશ્વર મંદિર વિશે આજે આપણે વાત કરીશું.

થાનગઢ પાસે આવેલા ત્રિનેત્રેશ્વર મંદિર પાસે જ તરણેતરનો મેળો ભરાય છે અને સૌરાષ્ટ્રનો પ ાંચાળ પ્રદેશ દુનિયાભરમાં તરણેતરના મેળા તરીકે જગપ્રસિદ્ધ છે આ મંદિર આમ જુઓ તો ૧૦માં સૈકા માં બનેલું છે એવા પણ પુરાતન વિભાગ તરફથી પ્રમાણ મળે છે અને બાકી ૧૪મી સદીમાં કરણસિંહ પોતાની દીકરી કરણબા માટે આ મંદિર બંધાવ્યું હતું. આ મંદિર સાથે ઘણી બધી વાતો જોડાયેલી છે.

પહેલી માન્યતા મુજબ થાનગઢ થી ૧૦ કિલોમીટર દૂર આવેલું, વનરાજી વચ્ચે ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે વાસુકિ નાગની આ ભૂમિ છે. આ પ્રાચીન મંદિર દસમા સૈકાનું છે અને તે સમયની સંસ્કૃતિની ઓળખ કરાવતું કલાપૂર્ણ મંદિર છે,આ ભૂમિ દેવપાંચલ તરીકે પણ જાણીતી છે.ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર તેના નામ ઉપરથી અપભ્રંશ થઈને આ ગામનું નામ તરણેતર એટલે કે ત્રણ નેતર, એવું લોકબોલીમાં પડયું છે.જેના પ્રાંગણમાં ગુજરાતનો સુપ્રસિદ્ધ તરણેતરનો મેળો ભરાય છે.

ત્રિનેત્રેશ્વર માટે ઘણી લોક વાયકાઓ પ્રચલિત છે. એક કથા મુજબ દ્રૌપદીનો સ્વયંવર અહીં યોજાયો હતો.અહીં અર્જુને મત્સ્યવેધ કરીને દ્રૌપ દીનું પાણિગ્રહણ કર્યું હતું, એટલે આ મંદિરનો પ્રથમ ઈતિહાસ દ્વાપર યુગ સાથે જોડાયેલો છે.

મંદિરના પ્રાંગણમાં એક કુંડ છે. આ કુંડમાં જ બ્રહ્માજી સૈકાઓ પહેલી મહાદેવની આરાધના કરતા હતા. ત્યારે મહાદેવને ચઢાવવાનાં એક હજાર કમળો માંથી એક કમળ ઓછું થયું હતું.હકીકતમાં બ્રહ્માજીની પરીક્ષા લેવા જ મહાદેવજીએ એક કમળ ઉપાડી લીધું હતું,પરંતુ બ્રહ્માજીએ તો પોતાના એક ચક્ષુને જ હજારમાં કમળ તરીકે ભગવાનને અપ ર્ણ કરી દીધું હતું. આથી ભગવાન પ્રસન્ન થાય બ્રહ્માજીની આંખ તો સારી કરી આપી,પરંતુ બ્રહ્માજીએ ચઢાવેલું ચક્ષુ પોતાના લલાટમાં ધારણ કર્યું. ત્યારથી શંકર ત્રિનેત્રેશ્વર કહેવાયા.

એક એવી પણ કથા છે, કે કણ્વ ઋષિએ મહાદેવની પૂજા કરી. મહાદેવજી પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે આ સ્થળે કુંડમાં સ્નાન કરી જે પૂજા કરશે,પિંડદાન આપશે અને દાન કરશે તેના પિતૃઓને મોક્ષગિત પ્રાપ્ત થશે.ત્યારથી આ સ્થાન ત્રિવેણીસંગમની જેમ જ મૃતાત્માના ફૂલ પ ધારાવવા માટે પ્રસિદ્ધ થયું. આ ઉપરાંત મૃતાત્માના ફૂલ પધરાવવા હરિદ્વાર, સિદ્ધપુર અને પ્રભાસ પણ ત્રિવેણી સંગમ છે.

બીજી એક લોકવાયકા એવી છે કે તારકાસુરનો નાશ કરવા માટે શિવથી એક પુત્રની ઉત્પત્તિ જરૂરી હતી.તેથી ઈન્દ્રની આજ્ઞાથી કામદેવ શિવને પ્રસન્ન કરવા, શિવને સેવા કરવાના બહાને લાગ જોઈને તેમની ઉપર મોહાસ્ત્રનો પ્રયોગ કરે છે. આથી અકાળે જન્મેલા વસંતના સંચારથી અને મોહાસ્ત્રના પ્રયોગથી હૃદયમાં લોભિત થયેલા મહાદેવે ત્રીજું નેત્ર ખોલીને સન્મુખ ઊભેલા કામદેવને ભસ્મીભૂત કરી નાંખ્યો.આથી કામદેવની પત્ની રતિ વિલાપ કર્યો, અને રતિને દ્વાપર યુગ સુધી રાહ જોવાનું કહે છે. દ્વાપરમાં કામદેવ કૃષ્ણને ત્યાં પુત્ર તરીકે જન્મ લેશે અને રતિને તેનો પતિ પ્રાપ્ત થશે, એવું વરદાન મળે છે. આથી રતિએ ભગવાન શિવ ત્રિનેત્રેશ્વરનું મંદિર બનાવી, દ્વાપર યુગ સુધી ભગવાનની પૂજા-અર્ચના કરીને તપશ્ચર્યા કરી.

આ ઉપરાંત પણ એક માન્યતા એવી છે કે ભાદરવા સુદ પાંચમના દિવસે (ઋષિ પંચમી) સવારે ગંગામાતા આ સ્થળને પાવન કરે છે. ભારતવર્ષના ઋષિવરો આ કુંડમાં સ્નાન કરવા આવે છે. તેથી કુંડની પાણીની સપાટી તે દિવસ ઊંચી આવે છે. આજે પણ આ કુંડની સપાટી આ દિવસે ઊંચી આવે છે.આ સ્થાન વાસુકી નાગની ભૂમિ કહેવાય છે. અહીં ફરતા બાર બાર કિલોમીટર સુધી મોટા નાગો રહે છે. થોડે દૂર એક પ્રાચીન કુંડ છે, અને તરણેતર મહાદેવનું મંદિર છે. મંદિરને ફરતાં પથ્થરનો કોટ છે. પાસેની ટેકરી ઉપર સૂર્યદેવના મંદિરમાં સૂર્યનારાયણની રૂપાની મૂર્તિ છે. તરણેતરમાં આ મંદિર પાસે ભાદરવા મહિનામાં ખૂબ મોટો મેળો ભરાય છે, જે જગવિખ્યાત છે.મેળામાં આસપાસના ગ્રામજનો ગાન-વાદન અને નૃત્યમાં મસ્ત રહે છે. રંગબેરંગી પોશાક ધારણ કરી ફૂમતાં ને રંગબેરંગી સુશોભિત છત્રીઓ ધારણ કરી સૌરાષ્ટ્રની જાતજાતની જાતિઓ આહીરો- રબારીઓ-કાઠીઓ-ભરવાડો ઉપરાંત અનેક લોકો ભાતભાતના ભરતભરેલા પ ોશાક પહેરી અહીં એકઠા મળે છે. મૂછે તાવ દેતા જુવાનિયાઓ રંગબેરંગી છોગાં પહેરી પોતાની મનગમતી યુવતી સાથે નૃત્ય કરવા માંડે છે.હુડો રાસ,દાંડિયા રાસ- છત્રીનૃત્યો દ્વારા લોકલાગણી વ્યક્ત થતી રહે છે.નાચતા રમતા,ઉલ્લાસભર્યા વાતાવરણમાં યુવાન-યુવતી મસ્તીથી હેલે ચડી જાણે મનના માણીગર સાથે આનંદ હિલોળા લેતા હોય તેવું લાગે છે. તરણેતર એટલે લોકજીવનનો ઉમંગમેળો, ઉત્સાહમેળો, કે રંગમેળો, કે પ છી પ્રણયમેળો પણ કહી શકો. પુરાણા ખંડેર થઈ ગયેલા ભગવાન ત્રિનેત્રેશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર પ્રતિષ્ઠા કરાવીને ઈ.સ. ૧૯૦૨માં લખતરાના રાજવી કરણસિંહજીએ પોતાની પ ુત્રી કરણબાની સ્મૃતિમાં કરાવ્યો હતો. હાલમાં મંદિરની આસપાસ ૮ થી ૧૦ પગથિયાંવાળો કુંડ છે. મધ્યમાં તુલસી- કયારો છે. મંદિરનું કુંડમાં પ ડતું પ્રતિબિંબ એક સુંદર દશ્ય ઊભું કરે છે.હાલના મંદિરની બાંધણી ૧૪મી સદીના સ્થાપત્ય મુજબ છે. આ સ્થળને પુરતત્ત્વ વિભાગ તરફથી રક્ષિત જાહેર કરવામાં આવ્યું છે.ઈ.સ. ૧૯૦૨માં પ્રતિષ્ઠા કર્યા બાદ રૂ. પચાસ હજાર ખરચીને કળાકારીગરીવાળું શિખરબંધી મંદિર બંધાવ્યું હતું. મંદિરના બાંધકામમાં અવારનવાર સુધારા- વધારા થાય છે. સ્થાપત્યમાં જુદી જુદી શૈલીઓ વરતાય છે.આ મંદિર મુખ્યત્વે સોલંકીકાળ પહેલાંની નાગર શૈલીનું જણાય છે. મંદિરની ત્રણે બાજુએ કુંડ આવેલા છે.

આ જીર્ણ મંદિરના ફોટા ડાં. બર્જેસે ઈ.સ. ૧૮૯૦માં લીધા હતા. ઈ.સ. ૧૮૯૯માં આ ફોટા ત્યાંના રાજવીને આપવામાં આવ્યા અને ઈ.સ.૧૯૦૨માં તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

શ્રી ઢાંકી આ મંદિરનો સમય ઈ.સ. ૯૨૫નો કહે છે. પરંતુ ડાં. બર્જેસનાં ફોટા અનુસાર તેનો સમય અગિયારમા સૈકાનો હોય તેવું કહી શકાય. આ મંદિરની બાંધણીની શૈલી થાનમાં આવેલા મુનિબાવાના મંદિરની શૈલી સાથે સામ્ય ધરાવે છે. આ બંને મંદિરો એક જ સરખા સમયનાં હોવાનું મનાય છે.આ મંદિરમાં ગર્ભગૃહ,અંતરાલ અને મંડપ છે. આ મંડપની ત્રણે બાજુએ શૃંગાર ચોકીઓની રચના છે. મંદિરની જગતીની ત્રણ બાજુએ પથ્થરમાંથી બનાવેલો કુંડ આવેલો છે. મંદિરની પ્રવેશ બાજુ પરના ભાગે જોડાયેલા મોટા પથ્થરના પુલ વડે સામેની બાજુનો પ્રવેશમાર્ગ જોડાયેલો છે. કેટલીક વખત આવું જોવામાં આવે છે કે મંદિરની પાસે કુંડ હોય છે. ખેડબ્રહ્મામા બ્રહ્માના મંદિરની સામેની બાજુએ વિશાળ વાવ છે.પાટણના સ્હસ્ત્રલિંગ તળાવને કિનારે મંદિરો હતાં.વીરમગામના મુનસર તળાવના કિનારે નાનાં નાનાં મંદિરો આજે પણ અસ્તિત્વ ધરાવે છે. મંદિરના ગર્ભગૃહ ઉપરનું શિખર તથા મંડપ પ રનો ઘુમ્મટ અલંકારોથી વિભૂષિત છે. દીવાલના બાહ્ય ભાગના ગોખલામાં મુકાયેલા દેવોની પ્રતિમા ઉત્તમ કોટીની હોય તેવી છે. ટોચ ઉપરના ફૂલવેલ ભાતનાં અલંકરણ પણ આકર્ષક છે.ગૂઢ મંડપના સ્તંભો ઊંચાઈમાં વધુ છે. ગાન-વાદન અને નૃ ત્યમાં મસ્ત એવા લોકોની લીલાનું મંદિરની

## શ્રાવણ માસના શિવ મહિમા -૨૧

# વિશ્વ પ્રસિદ્ધ કેદારનાથ જ્યોતિર્લિંગ ધામનો મહિમા જોઇએ

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





હે પરમ કૃપાળુ પરમાત્મા સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ એકસો વર્ષ પછી ઓગસ્ટ અને શ્રાવણ માસ કોરો ધાકોર ગયો. કાળઝાળ મોંઘવારી બેરોજગારીથી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ છે દયા રહેમ કરો ખૂણે ખાંચરે ધર્મના નામે વિવાદો ઊભા કરી આ સ્વાર્થી જીવોના પાપે મેઘરાજા રિસાયા હોય તેવું લાગે છે.અબોલ જીવો અને કેટલાક જીવોના પૂણ્ય ભક્તિને ધ્યાને લઈ મેઘરાજા મહેરબાની કરે તેવી કૃપા કરો.આ વિહવળતા વચ્ચે આવો જાણીએ કેદારનાથ ધામની રોચક કથા શ્રાવણ માસના શિવ મહિમા -૨૧માં જોઈએ, ભગવાન કેદારનાથ ધામ વિશ્વ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગનો મહિમા.

કેદારનાથમાં ભગવાન શિવની પીઠની પૂજા થાય છે,જાણો આસ્થાના ધામ સાથે જોડાયેલી રસપ્રદ માન્યતાઓ અને મંદિરનો ઈતિહાસ ચારસો વર્ષ સુધી હિમાલયના ખોળામાં અલિપ્ત રહેલા કેદારનાથ મંદિર સાથે જોડાયેલા રોચક તથ્યો મહા શિવ પુરાણમાં ભગવાન શિવના કેદાર નાથમાં પાંચ નદીઓ મંદાકિની,મધુ ગંગા,ક્ષીરગંગા,સરસ્વતી અને સ્વર્ણગૌરીનો સંગમ થાય છે - જ્યોતિર્લિંગનો ઉલ્લેખ છે.જ્યાં શિવ સ્વયં પ્રગટ થયા હતા. આમાંથી એક કેદારનાથ ધામ છે. ઉત્તરાખંડમાં હિમાલય પર્વતમાં સ્થિત કેદાર નાથ ધામ બાર જ્યોતિર્લિંગમાં સામેલ હોવાની સાથે જ ચારધામ અને પંચ કેદારમાંથી એક છે. દર વર્ષે લાખો ભક્તો ભગવાનના દર્શન કરવા અહીં પહોંચે છે. ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના કેદારઘાટીમાં બાબા કેદારનું સુંદર અને ભવ્ય મંદિર છે. કેદારનાથ મંદિર કટ્યુરી શૈલીમાં બનેલું છે. આ શૈલીના મંદિરમાં પથ્થરો અને દેવદારના લાકડા પર કારીગરીનું સુંદર કોતર કામ જોવા મળે છે. એવું કહેવાય છે કે તેનું નિર્માણ પાંડવ વંશના જનમેજય દ્વારા કરવામાં આવ્યું હતું.

અહીં સ્થિત સ્વયંભૂ શિવલિંગ ખૂબ જ પ્રાચીન છે અને આદિગુરુ શંકરાચાર્યએ આ મંદિર નો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.શિવે ધારણ કર્યું નંદીનું રૂપ પૌરાણિક માન્યતાઓ અનુસાર,મહાભારતનું યુદ્ધ જીત્યા પછી,પાંડવો હત્યાના પાપનું પ્રાયશ્ચિત કરવાભગવાન શિવની શોધમાં કેદાર ઘાટી તરફ ગયા. ભગવાન શિવ પાંડવોને દોષિત માનીને મળવા માંગતા ન હતા, તેથી જ્યારે પાંડવો અહીં પહોંચ્યા ત્યારે ભગવાન શિવ પ્રાણીઓની વચ્ચે ગયા જેથી કોઈ તેમને ઓળખી ન શકે. પાંડવોને આકાશવાણીથી ખબર પડી કે પ્રાણીઓના ટોળામાં ભોલે શંકર છે. એટલા માટે ભીમ પોતાના પગ બે પર્વતો વચ્ચે ફેલાવીને શિવને શોધવા ઊભો રહ્યો. પછી બધાં પ્રાણીઓ ભીમ ના પગ નીચેથી ચાલ્યા ગયા. પરંતુ બળદના રૂપમાં મહાદેવ આ જોઈને ફરી અંતર ધ્યાન થવા લાગ્યા ત્યારે જ ભીમે તેમને ઓળખી લીધા, પાંડવોની ભક્તિ જોઈને શિવજી પ્રસન્ન થયા અને તેમને દર્શન આપીને પાપોમાં થી મુક્ત કરી દીધા. ત્યારથી જ અહીં બળદની પીઠની આકૃતિ પિંડના રૂપમાં શિવને પુજવામાં આવે છે.

બાર જ્યોતિર્લિંગ જ્યાં શિવ સ્વયં પ્રગટ થયા હતા જેમાંથી એક કેદારનાથ ધામ છે.સનાતન ધર્મમાં કેદારનાથને અદ્ભુત ઊર્જાનું કેન્દ્ર માનવામાં આવે છે. પહાડોથી ઘેરાયેલા કેદારનાથ મંદિરનોમહિમા ખૂબ જ અનોખો છે. અહીં પાંચ નદીઓ મંદાકિની,મધુગંગા, ક્ષીર ગંગા,સરસ્વતી અને સ્વર્ણગૌરીનો સંગમ થાય છે.જેમાં કેટલીક નદી ઓનું હવે અસ્તિત્વ જતુ રહ્યું છે. અહીં બાબાના દર્શન પહેલા કેદાર નાથ રોડ પર આવતા ગૌરી કુંડમાં સ્નાન કરવાનો નિયમ છે. દર વર્ષે ભૈરવ બાબાની પૂજા પછી જ મંદિરના કપાટ બંધ અને ખોલવા માં આવે છે. એવું કહેવાય છે કે જ્યારે મંદિરના દરવાજા બંધ હોય છે ત્યારે ભગવાન ભૈરવ આ મંદિર ની રક્ષા કરે છે.શાસ્ત્રો અનુસાર જે વ્યક્તિ કેદારનાથના દર્શન કર્યા વિના બદ્રીનાથની યાત્રા કરે છે.તેને યાત્રાનું ફળ મળતું નથી. અહીં સ્થિત બાબા ભૈરવ નાથનું મંદિર વિશેષ મહત્વ ધરાવે છે.

ભીમ બળદના રૂપમાં શિવની નજીક જતાં જ આત્મ નિરીક્ષણ કરીને જમીનમાં જવા લાગ્યાં. આ જોઈને ભીમે બળદના રૂપમાં શિવ ના ખૂંધ (પાછળનો ભાગ) પકડી લીધો, જે અહીં ખડક બનીને બેઠો થઈ ગયો. એટલા માટે કેદારનાથ ધામમાં ભગવાન શંકરના પાછળ ના ભાગની પૂજા કરવામાં આવે છે અને નેપાળમાં સ્થિત પશુપતિનાથ મંદિરમાં આગળના ભાગની પૂજા કરવામાં આવે છે.

સતયુગમાં નર અને નારાયણ ઋષિએ અહીં ભગવાન શંકરની તપસ્યા કરી હતી. ભગવાન શિવ કેદારધામમાં જ્યોતિર્લિંગના રૂપમાં પ્રગટ થયા તે તેમના પુણ્યનું ફળ છે. જે ભક્તો બાબા કેદારના દર્શન કરે છે,તેમના રોગ,દોષ,પાપ બધા નાશ પામે છે. શિયાળામાં ઠંડી અને હિમવર્ષાને કારણે, દરવાજા બંધ થઈ જાય છે. ત્યાર બાદ ઉખીમઠ સ્થિત ઓમકારે શ્વર મંદિરમાં બાબા કેદારની પૂજા કરવામાં આવે છે.

કેદારનાથના દર્શન વગર બદ્રીનાથ ની યાત્રા અધૂરી માનવામાં આવે છે. એક એવી હકીકત છે કે, કેદાર નાથ મંદિરનું નિર્માણ સર્વ પ્રથમ પાંડવ વંશના જનમેજયે કરાવી હતી. ત્યાર બાદ આદિ શંકરાચાર્ય એ તેનું સમાર કામ કરાવ્યું. ચાર ધામની સ્થાપના અને દ્વાદશ જ્યોતિર્લિંગોની મહિલાનું પ્રતિષ્ઠા પન આદ્ય શંકરાચાર્ય દ્વારા જ માનવામાં આવે છે.શંકરાચાર્ય એ કેદારનાથમાં જ દેહ ત્યાગ કર્યો હતો. અહીં જ તેમની સમાધિ છે. થોડાં વિદ્વાનો વર્તમાન મંદિરને ભોજકાલીન પણ માને છે પરંતુ મંદિરનું નિર્માણ શૈલી સંકેત કરે છે કે,તે અયોધ્યાના સૂર્ય વંશી કત્યૂરી રાજાઓએ બનાવ્યું હતું. કત્યૂરી રાજવંશ ભારતના ઉત્તરાખંડ રાજ્યનો એક મધ્યયુગી રાજ વંશ હતો, જેનું કુમાઊ ક્ષેત્ર ઉપર ૬ થી ૧૧મી સદી સુધી શાસન રહ્યું. કત્યૂરી રાજાઓએ ગિરિરાજ ચક્રચૂડામણિની ઉપાધિ ધારણ કરી હતી અને તેમની પહેલી રાજધાની જોશીમઠમાં હતી. મંદિરનું નિર્માણ તેમના જ નામ વાળી કત્યૂરી શૈલી માં થયું છે.

મંદિર એક છ ફૂટ ઊંચા પત્થરના ચોરસ ચબૂતરા ઉપર બનેલું છે. મંદિરના ગર્ભગૃહ પાસે ચારેય ખૂણામાં ચાર સુદૃઢ પાષણ સ્તંભ છે,જ્યાંથી પસાર થઈને પ્રદક્ષિણા થાય છે.સભા મંડપ વિશાળ અને ભવ્ય છે. તેની છત ચાર વિશાળ પાષાણ સ્તંભ ઉપર ટકેલી છે અને એક જ પથ્થરની બનેલી છે. ગવાક્ષોમાં આઠ પુરૂષ પ્રમાણ પ્રતિમા છે જે ખૂબ જ કલાત્મક છે. મંદિર ૮૫ ફૂટ ઊંચું, ૧૮૭ ફૂટ લાંબુ અને ૮૦ ફૂટ પહોળું છે. તેની દિવાલ ૧૨ ફૂટ મોટી છે અને ખૂબ જ મજબૂત પથ્થરોથી બનાવવામાં આવી છે. મુખ્ય ભાગ મંડપ અને ગર્ભગૃહના ચારેય તરફ પ્રદક્ષિણા પથ છે. બહાર ફળિયામાં નંદી બિરાજમાન છે. મંદિરની મજબૂતીનો અંદાજો આ પરથી જ લગાવી શકાય છે કે, લગભગ એક હજાર વર્ષ પ્રાચીન હોવા છતાં પણ વર્ષ ૨૦૧૩માં કેદાર ઘાટીમાં આવેલા પૂરમાં પણ તે અવિચલ રહ્યું.ત્યારે પૂરમાં હજારો લોકો વહી ગયાં હતાં અથવા ભૂસ્ખલનમાં માર્યા ગયાં સંપૂર્ણ કેદારઘાટી તબાહ થઈ ગઈ હતી પરંતુ નાથ અને તેમનું ધામ ચમત્કારિક રૂપથી સુરક્ષિત બચી ગયું હતું.

## મેટા દ્વારા શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ભવિષ્ય માટે કૌશલ્ય વિકાસ અને વેપાર સાહસિકતા મંત્રાલય, શિક્ષણ મંત્રાલય સાથે ભાગીદારી



મેટા દ્વારા આજે ભારતભરમાં વિદ્યાર્થીઓ, શિક્ષણકર્તાઓ અને વેપાર સાહસિકોને સશક્ત બનાવવા માટે શિક્ષણ મંત્રાલય અને કૌશલ્ય વિકાસ તથા વેપાર સાહસિકતા મંત્રાલય સાથે ત્રણ વર્ષની ભાગીદારીની ઘોષણા કરવામાં આવી હતી. આ ભાગીદારી ભારતના વિદ્યાર્થીઓના ક્લાસરૂમથી કાર્યબળ સુધી જોડવાના પ્રવાસમાં શિક્ષણ અને કૌશલ્યમાં કાર્યોને એકત્ર લાવે છે.

ભાગીદારી હેઠળ મેટાએ ત્રણ લેટર ઓફ ઈન્ટેન્ટ (એલઓઆઈ) પર સહીસિક્કા કર્યા છે. તેમાં ભારતમાં વેપાર સાહસિકતા અને કુશળતા વિકાસને પ્રમોટ કરવા તાલીમ, કન્સલ્ટન્સી અને સંશોધનમાં સંકળાયેલી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર એન્ટરપ્રેન્યોરશિપ એન્ડ સ્મોલ બિઝનેસ ડેવલપમેન્ટ (એનઆઈઈએસબીયુડી) તથા ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળ કાનૂની સંસ્થા અને રાષ્ટ્રીય સ્તરની ટેક્નિકલ શિક્ષણ માટેના કાઉન્સિલ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) અને જાહેર અને ખાનગી શાળાઓ માટે ભારતમાં શિક્ષણનું રાષ્ટ્રીય સ્તરનું મંડળ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકંડરી એજ્યુકેશન (સીબીએસઈ) સાથે કરારનો સમાવેશ થાય છે.

## રાજશ્રી પ્રોડક્શન્સે રાજવીર દેઓલ અને પાલોમાની પહેલી ફિલ્મના ટ્રેલર લોન્ચ ઇવેન્ટને ભવ્ય અને પારિવારિક બનાવ્યો




સની દેઓલના પુત્ર રાજવીર દેઓલ અને પૂનમ ધિલ્લોનની પુત્રી પલોમા, અવનીશ એસ. બડજાત્યા તેની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ 'ડોનો'થી શાનદાર શરૂઆત કરવા માટે તૈયાર છે. આ ફિલ્મનું ટીઝર અને મ્યુઝિક આલ્બમ ચાહકોને ઘણું પસંદ આવ્યું છે. ટીઝર અને ગીતમાં રાજવીર-પલોમાની રોમેન્ટિક કેમિસ્ટ્રીને કારણે આ તદ્દન નવી જોડી ચાહકોમાં પહેલેથી જ હિટ બની ગઈ છે. હવે આ ફિલ્મનું ટ્રેલર સામે આવ્યું છે જેમાં આધુનિક સમયની લવસ્ટોરીની ઝલક આપવામાં આવી છે.

મુંબઈમાં ફિલ્મનું એક ભવ્ય ટ્રેલર લૉન્ચ ઈવેન્ટ એક સામાન્ય રાજશ્રી ફિલ્મ ઈવેન્ટનું વાઈબ આપી રહ્યું હતું. આ ખાસ અવસરે ત્રણેય નવોદિતોના પરિવારજનો હાજર રહ્યા હતા અને તેમના જૂના દિવસોને યાદ કર્યા હતા. નેક્સ્ટ જનરેશનને તેમની પ્રથમ ફિલ્મ અને મીડિયા ડેબ્યૂ માટે પ્રેમ અને આશીર્વાદ પણ આપ્યા. આ પ્રસંગે ધરમ પાજીએ રાજવીર, પાલોમા અને અવનીશને પણ શુભેચ્છા પાઠવી હતી અને ઈવેન્ટને ડિજિટલી ગ્રેસ કરી હતી. તમને જણાવી દઈએ કે, ધરમજી રાજશ્રી પ્રોડક્શન્સ સાથે લાંબા સમયથી જોડાયેલા છે. તેણે ૫૩ વર્ષ પહેલા રિલીઝ થયેલી આ પ્રોડક્શનની ફિલ્મ 'જીવન મૃત્યુ'માં કામ કર્યું હતું. આ ફિલ્મે સિનેમાઘરોમાં ૧૦૦ સપ્તાહની ઉજવણી કરી.

## ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપની સત્તાવાર બેવરેજ ભાગીદાર Thums Up, હવે પછીની કેમ્પેન "થમ્સ અપ ઉઠા, ઇન્ડિયા ઇન્ડિયા મચા" રજૂ કરે છે




કરીને ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ સાથે પોતાના સહયોગના નવા પ્રકરણનું અનાવરણ કરતા ખુશી અનુભવે છે. આ કેમ્પેન ગર્વભેર આગામી વર્લ્ડ કપ માટેના અડગ નિર્ધાર પર ભાર મુકે છે, જે ભારતની વિજય તરફની મુસાફરીમાં વિશ્વાસ ધરાવતા ચાહકોને આગળ ધપાવવા અને ઉત્તેજન આપવા માટે આશાવાદી છે.

આ ઉલ્લાસિત પ્રકરણમાં ક્રિકેટ આઈકોન્સ જેમ કે રવિન્દ્રા જાડેજા, જસપ્રીત બૂમરાહ, મોહમ્મદ સિરાજ અને ડાયનેમિક સુકાન રોહીત શર્માને સમાવતી ફિલ્મ 'ભારતને ટીમ ઈંડિયામાં વિશ્વાસ રાખવા બનાવવું'ના વિચારની આસપાસ કેન્દ્રિત છે. કેમ્પેનનું હાર્દ વિશિષ્ટ વાર્તાનિરુપણ સુધી સીમિત છે, જેને બીજા કોઈ નહી પરંતુ બોલિવુડના કિંગ એવા શાહરુખ ખાનના 'વોઈસ ઓફ બિલીફ' તરીકે પ્રાણ પૂરવામાં આવ્યો છે. તેના વૃત્તાંતો ભારતીય ક્રિકેટ ચાહકોની પ્રવર્તમાન લાગણીમાં ડૂબકી મારે છે – એવું જુસ્સાદાર હૃદય કે જે 'શુ ભારત જીતશે?' તેવુ ધારતા મન સાથે 'ભારત જીતશે' તેવી ઉત્કટતા ધરાવે છે.

## I.N.D.I.A ગઠબંધનના નેતાઓ મતબેંક અને તુષ્ટિકરણની રાજનીતિ માટે હિંદુ ધર્મને સમાપ્ત કરવા માગે છે : અમિત શાહ



તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના પુત્ર ઉધયનિધિ સ્ટાલિને 'સનાતન ધર્મ'ની સરખામણી ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા ચેપી રોગો સાથે કરી હતી. સનાતન ધર્મને લઈને ઉદયનિધિના આ નિવેદનથી હવે ખળભળાટ મચી ગયો છે. ઉદયનિધિના આ નિવેદન પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આકરો જવાબ આપ્યો છે.

રાજસ્થાનના ડુંગર પુરમાં પરિવર્તન સંકલ્પ યાત્રાને સંબોધતા ગૃહમંત્રી શાહે કહ્યું કે, છેલ્લા બે દિવસથી I.N.D.I.A ગઠબંધન 'સનાતન ધર્મ'ને અપ માનિત કરી રહ્યું છે. ડીએમકે અને કોંગ્રેસના નેતાઓ માત્ર વોટબેંકની રાજનીતિ માટે 'સનાતન ધર્મ'ને સમાપ્ત કરવાની વાત કરી રહ્યા છે. અમિત શાહે વધુમાં કહ્યું કે, "આ પહેલીવાર નથી કે તેમણે આપણા 'સનાતન ધર્મ'નું અપમાન કર્યું હોય. ગૃહમંત્રી શાહે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિવેદનને યાદ કરાવ્યું અને કહ્યું કે, આ પહેલા મનમોહન સિંહે પણ કહ્યું હતું કે બજેટ પર પ્રથમ અધિકાર લઘુમતીઓનો છે, પણ અમે કહીએ છીએ કે પહેલો અધિકાર ગરીબો, આદિવાસીઓ, દલિતો અને પછાત વર્ગના લોકોનો છે. આજે કોંગ્રેસ પાર્ટી કહે છે કે, જો મોદીજી જીતશે તો સનાતન રાજ કરશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે,

### ગુજરાત સાયન્સ સિટી દ્વારા રાજ્યના તમામ 33 જિલ્લામાં આયોજિત

## ક્વિઝ કોમ્પિટિશનમાં દસ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી લોકો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ વધે તેના માટે સતત પ્રયત્નશીલ છે અને તેના માટે અવાર નવાર વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન ગુજરાત સાયન્સ સિટી દ્વારા કરવામાં આવતું રહે છે. ત્યારે સમગ્ર રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ગુજરાત સાયન્સ સિટી દ્વારા ધોરણ ૬ના વિદ્યાર્થીઓ માટે ભવ્ય ક્વિઝ કોમ્પિટિશન અને ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦થી વધુ શાળાઓના ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.




આગામી થોડા દિવસોમાં ગુજરાત સાયન્સ સિટી દ્વારા ધોરણ -૭ ના વિદ્યાર્થીઓ માટે પણ આવી ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવશે.

## મનોદિવંયાગ વિદ્યાર્થીઓ બન્યા શિક્ષક



નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલ્ડ નાં ૬ વિદ્યાર્થીઓ આજે ટીચર્સ ડે ની ઉજવણી નાં ભાગ રૂપે ,શિક્ષકબની ને આવ્યા હતા અને અન્ય મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ને યોગા,ચિત્રની પ્રવૃતિ કરાવી હતી. નવજીવન સંસ્થા એ આ છ વિદ્યાર્થીઓ ને ગિફ્ટ આપી બહુમાન કર્યુ હતુ.

## દિવડા કોલોની પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉજવણી




। ભરતભાઈ પંડ્યા દિવડા કોલોની, તા.૫ ।

કડાણા તાલુકાની દિવડા કોલોની પ્રાથમિક શાળામાં સ્વશાસનદિન ની ઉજવણી કરવામાં આવી ધોરણ- ૫ થી ૮ ના કુલ-૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

BOLLYWOOD NEWS FLASH

### પહેલી ફિલ્મ મુઝે કુછ કહેના હૈ પછી તુષાર કપૂરનું કરિયર સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયું હતું



## તુષાર કપુર ૨૨ વર્ષ પછી પણ કરી રહ્યો છે સ્ટ્રગલ

। મુંબઈ, તા.૫ ।

જિતેન્દ્રના પુત્ર તુષાર કપૂરે ૨૨ વર્ષ પહેલાં ફિલ્મી દુનિયામાં પગ મૂક્યો હતો. તેની આખી કારકિર્દીમાં તેણે હીરો તરીકે માત્ર બે-ત્રણ હિટ ફિલ્મો આપી છે. બાકીની સફળ ફિલ્મોમાં તે માત્ર સહાયક ભૂમિકામાં જ જોવા મળ્યો છે. બે દાયકાની કારકિર્દીમાં, તુષાર કપૂરની મોટાભાગની ફિલ્મો બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી છે, જેના કારણે નિર્માતાઓને ભારે નુકસાન થયું છે. આજે અમે તમને જીતેન્દ્રના પુત્ર તુષાર કપૂરની ફિલ્મી સફર વિશે જણાવીશું. તુષાર કપૂરે વર્ષ ૨૦૦૧માં ફિલ્મ 'મુઝે કુછ કહેના હૈ'થી પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. આમાં તેણે કરીના કપૂર સાથે કામ કર્યું હતું. તુષાર કપૂરની આ ડેબ્યૂ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. સતીશ કૌશિક દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું બજેટ માત્ર ૭ કરોડ રૂપિયા હતું અને તેણે ૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. પહેલી ફિલ્મ 'મુઝે કુછ કહેના હૈ' પછી તુષાર કપૂરનું કરિયર સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયું હતું. તેની 'ક્યા દિલ ને કહા', 'જીના સિર્ફ મેરે લિયે', 'કુછ તો હૈ' ફ્લોપ રહી હતી. તે જ સમયે, 'યે દિલ', 'શર્ટ' અને 'ઈન્સાન' જેવી ફિલ્મો ડિઝાસ્ટર સાબિત થઈ. જો કે, વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ તુષાર કપૂર માટે સારા સાબિત થયા. 'ક્યા કૂલ હૈ હમ' અને 'ગોલમાલ' બંને હિટ રહી હતી. વર્ષ ૨૦૦૭ થી ૨૦૦૯ સુધી તુષાર કપૂરની ૧૦ ફિલ્મો રિલીઝ થઈ હતી, જેમાં 'ગોલમાલ રિટર્ન્સ' હિટ સાબિત થઈ હતી અને 'શૂટઆઉટ એટ વડાલા' સેમી-હિટ સાબિત થઈ હતી.

## ૧૭ કરોડમાં વેચાઈ ૫ લાખ ફિલ્મ જવાનની ટિકિટ

## શાહરૂખની 'જવાન'એ રિલીઝ પહેલા મચાવ્યો હંગામો

### ફેન્સ ધડાધડ ટિકિટો બુક કરાવવા લાગ્યા છે, જો કે ટ્રેલર રિલીઝ થતા જ સોશિયલ મિડીયામાં ચારબાજુ ચર્ચાઓ થવા લાગી હતી

। મુંબઈ, તા.૫ ।

છેલ્લા ઘણાં અઠવાડિયાથી એક્શન ફિલ્મનું દમદાર એડવાન્સ રીતે બુકિંગ થઈ રહ્યું છે. કેટલાક સિનેમાઘરોમાં ટિકિટોની કિંમત ૨.૪ લાખ સુધી પહોંચી ગઈ હતી. મલ્ટીપ્લેક્સના આંકડા દર્શાવતા મનોબાલાએ બ્લોક સીટોના ડેટા ટ્વિટ કર્યા છે. જવાન મુવીની શરૂઆતના દિવસે ૫ લાખથી પણ વધારે ટિકિટ વેચાઈ ગઈ છે. જવાન મુવીએ પહેલાં દિવસે ભારતમાં ૫,૦૦,૦૦૦ ટિકિટોનું એડવાન્સ બુકિંગનો આંકડો પાર કરી દીધો છે. નેશનલ મલ્ટીપ્લેક્સની વાત કરવામાં આવે તો જવાનના એડવાન્સ બુકિંગમાં



PVR માં ૧,૧૨,૨૯૯, Inox-75,661, Cinepolis-40,577 માં ટિકિટો બુક થઈ ગઈ છે. આ બધી કુલ મળીને ૨,૨૮,૫૩૮ ટિકિટ બુક થઈ ચુકી છે. ત્યારબાદ મનોજ બજયબાલને બ્રેક અપ આપતા આંકડાઓને લઈને વાત કરી છે કે, સિટી વાઈસ બધા થિએટરમાં દિલ્હી એનસીઆર-૩૯,૫૩૫(૧.૯૧ કરોડ રૂપિયા), મુંબઈ- ૩૯,૬૦૦(૧.૫૭ કરોડ રૂપિયા), બેંગલોર-૩૯,૩૨૫(૧.૪૨ કરોડ રૂપિયા), કોલકતા ૪૦.૦૩૫(૧.૧૬ કરોડ રૂપિયા) એમ પૂરા ભારતમાં બ્લોક સીટોને છોડીને અત્યાર સુધીમાં ૧૪ થી ૧૭ કરોડ રૂપિયાની ૫,૧૭,૭૦૦ થી પણ વધારે ટિકિટ વેચાઈ ગઈ છે. ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે પણ ટ્વિટ કરીને જવાનનું એડવાન્સ બુકિંગ અને અલગ-અલગ શહેરોમાં સવારમાં શોના વિશે જાણકારી આપી છે. એમના જણાવ્યા અનુસાર જવાન નેશનલ ચેન્સમાં જબરજસ્ત રીતે પ્રોગ્રેસ કરી રહી છે. નોન નેશનલ ચેન્સમાં જવાનના એડવાન્સ બુકિંગના આંકડા જોરદાર છે...દિલ્હી, બિહાર, રાજસ્થાન અને હિન્દી બેલ્ટમાં સિંગલ સ્ક્રીન અસાધારણ પરિણામ જોવા મળ્યા. આમ, જે લોકો જવાન મુવીનું એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે એ રીતે જવાનને બોક્સ ઓફિસ પર બહુ સારું પરફોર્મ કરશે એવું લાગી રહ્યું છે. શાહરુખે બ્લોકબસ્ટર સ્પાઈ ફિલ્મ પઠાની સાથે સતત બીજી વાર ૧૦૦ કરોડની ઓપનિંગ કરશે.

### બોલિવૂડ એક એવી જગ્યા છે, જ્યાં શાહરૂખ ખાન અને સની દેઓલ જેવા ટોચના સ્ટાર્સે પણ ફ્લોપ ફિલ્મો આપી છે

## કરણ જોહરની દરેક ફિલ્મ ૧૦૦ Cr ક્લબમાં આવી

। મુંબઈ, તા.૫ ।

કરણ જોહર બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના ફેમસ ફિલ્મમેકર્સની યાદીમાં સામેલ છે. તે માત્ર દિગ્દર્શન જ નહીં પરંતુ ફિલ્મોનું નિર્માણ પણ કરે છે. એક સમય એવો હતો જ્યારે કરણ જોહરને ફિલ્મો વિશે કંઈ ખબર ન હતી, ત્યારે તેણે તેના પિતા યશ જોહરના ફિલ્મ નિર્માણના વારસાને આગળ ધપાવવાનું નક્કી કર્યું અને આજે તે ટોચના નિર્દેશકોમાં સામેલ છે. કરણ જોહર દ્વારા નિર્દેશિત તમામ ફિલ્મોએ ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી છે. બોલિવૂડ એક એવી જગ્યા છે, જ્યાં શાહરૂખ ખાન અને સની દેઓલ જેવા ટોચના સ્ટાર્સે પણ ફ્લોપ ફિલ્મો આપી છે, પરંતુ કરણ જોહરે તેની ૨૫ વર્ષની કારકિર્દીમાં એક પણ ફ્લોપ ફિલ્મ આપી નથી અને તેની તમામ ફિલ્મો ૧૦૦ કરોડના ક્લબને પાર કરી ગઈ છે.



કરણ જોહરે આદિત્ય ચોપરાની ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' માટે આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. આ પછી તેણે 'કુછ કુછ હોતા હૈ'નું નિર્દેશન કર્યું, જે ૧૯૯૮ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ સાબિત થઈ. આ ફિલ્મે દુનિયાભરમાં ૧૦૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.

## ફિલ્મ જેલરે કર્યું ફિલ્મ નિર્માતા રાકેશ રોશનનું અપમાન

। મુંબઈ, તા.૫ ।

રજનીકાંતની જેલર રિલીઝ થયાના ઘણા દિવસો બાદ પણ ચર્ચામાં છે. ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન ૫૬૪ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે. અહેવાલ છે કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ફિલ્મ નિર્માતાઓને તેમાં કેટલાક ફેરફારો કરવા કહ્યું છે, જેમાં તે દ્રશ્ય પણ સામેલ છે જેમાં રાકેશ રોશન વિશે વાંધાજનક વાતો કહેવામાં આવી છે. બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, સેન્સર બોર્ડની તપાસ સમિતિએ ફિલ્મના હિન્દી વર્ઝનને તે ભાગ દૂર કરવા કહ્યું છે, જ્યાં રાકેશ રોશનનો અપમાનજનક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નેલ્સન દિલીપકુમાર દ્વારા નિર્દેશિત 'જેલર'માં રજનીકાંત લીડ રોલમાં છે. રામ્યા કૃષ્ણન, યોગી બાબુ, વિનાયક, તમન્ના ભાટિયા અને માસ્ટર રિત્વિકે પણ ખાસ ભૂમિકાઓ ભજવી છે. જેલરના તમિલ વર્ઝનમાં ૧૧ ફેરફાર કરવામાં આવ્યા છે. સીબીએફસીએ ફિલ્મના કેટલાક દ્રશ્યોમાં લોહીના છાંટા ઓછા બતાવવાનું કહ્યું છે. કેટલાક સંવાદોમાં ફેરફાર પણ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ સેન્સર બોર્ડે ૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ ફિલ્મના નામ પર સેન્સર સર્ટિફિકેટ જારી કર્યું હતું. ફિલ્મ જેલર હાલમાં જ વિવાદમાં આવી હતી જ્યારે ફિલ્મમાં એક પાત્ર IPL ટીમ 'રોયલ ચેલેન્જર બેંગલોર'ની જર્સી પહેરીને જોવા મળ્યો હતો, જેના કારણે ઈઝમ્ને કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. ઈઝમ્એ પરવાનગી વિના ફિલ્મમાં બ્રાન્ડનો ઉપયોગ કરવા પર દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ઘણા વિવાદો વચ્ચે 'જેલર' ૭ સપ્ટેમ્બરે OTT પર રિલીઝ થશે. સુપરસ્ટાર રજનીકાંત આ ફિલ્મ દ્વારા મોટા પડદા પર પરત ફર્યા છે. તે છેલ્લે 'અન્નાત્તે'માં જોવા મળ્યો હતો.

### એક અઠવાડિયા પહેલા, અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાનની એક વિશિષ્ટ તસવીર ઇન્ટરનેટ પર વાયરલ થઈ હતી

## બીગ બી અને શાહરુખાનના મિસ્ટ્રી પ્રોજેક્ટે વધાર્યો રોમાંચ

। મુંબઈ, તા.૫ ।

અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાને ૨૨ વર્ષ પહેલા 'કભી ખુશી કભી ગમ' અને 'મોહબ્બતેં' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મો આજે પણ લાખો લોકોની ફેવરિટ છે. ફિલ્મ 'મોહબ્બતેં'માં બંને વચ્ચેનો મુકાબલો દર્શકોને ગમ્યો હતો. હવે તેઓ ફરી એકવાર સાથે આવ્યા છે ત્યારે આ પ્રોજેક્ટ અંગે લોકોની ઉત્સુકતા વધવાની જ છે. ફેન્સ જાણવા માંગે છે કે, આ વખતે તે કેવો રોલ કરી રહ્યો છે, જેની ઝલક નવા વીડિયોમાં જોવા મળી રહી છે. એક અઠવાડિયા પહેલા, અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાનની એક વિશિષ્ટ તસવીર ઈન્ટરનેટ પર વાયરલ થઈ હતી. હવે મેકર્સ તરફથી બોલિવૂડ ડોન્સનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ કંઈક તરફ દોડી રહ્યા છે અને દરેક લોકો વિચારી રહ્યા છે કે, આ શું હોઈ શકે, આગામી પ્રોજેક્ટ વિશે કોઈ વિગતો આપ્યા વિના, વિડિયો માત્ર શબ્દો સાથે રિલીઝ કરવામાં આવ્યો - ટૂંક સમયમાં આવી રહ્યું છે! પ્રથમ વિડિયોના પ્રકાશન સાથે, ઈન્ટરનેટ એ પ્રોજેક્ટથી ભરપૂર છે કે અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન વર્ષો પછી એકસાથે સ્ક્રીન શેર કરશે.



# જિલ્લા કક્ષાએ ૩ શિક્ષકો અને તાલુકા કક્ષાએ ૧૧ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા

## શિક્ષણને ફક્ત એક વ્યવસાય તરીકે નહીં પરંતુ એક ધર્મના કાર્ય તરીકે અપનાવવાની અપીલ કરતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કમલેશ પટેલ




। નડિયાદ, તા.૫ ।

૫ સપ્ટેમ્બર શિક્ષકદિનની ઉજવણીના ભાગરૂપે ડો. આંબેડકર હોલ, નડિયાદ ખાતે શ્રેષ્ઠ શિક્ષક પરિતોષિક વિતરણ સમારોહ યોજાયો. જેમાં જિલ્લા કક્ષાએ કુલ ૦૩ શિક્ષકો અને તાલુકા કક્ષાએ ૧૧ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ માટે સન્માનપત્ર અને રોકડ રકમ આપી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી કમલેશ પટેલે તમામને શિક્ષકદિનની શુભેચ્છાઓ આપી હતી અને પારિતોષિક એવોર્ડ વિજેતા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા તથા સન્માનિત શિક્ષકોએ પ્રતિભાવો આપ્યા હતા. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખેડા જિલ્લામાં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ ૦૩ શિક્ષકો પૈકી નડિયાદ પ્રાથમિક શાળા ચલાલીના શિક્ષક શ્રી ભરતભાઈ ભાનુભાઈ પારેખ, મહુધાની પ્રાથમિક શાળા સેવારિયા (રૂપપુરા)ના શ્રી બિરેનકુમાર વિનુભાઈ પટેલ અને મહેમદાવાદની ચોક્સી એચ.વી વિદ્યાવિહાર, હલધરવાસના ચેતનકુમાર રમણભાઈ પટેલને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે સન્માનપત્ર અને ૧૫,૦૦૦ રોકડ આપી સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત તાલુકા કક્ષાએ ૧૧ શિક્ષકો પૈકી સિંધાલિયાની મુવાડી પ્રા. શાળાના શ્રી ડિંડોર રેખાબેન; કપડવંજ તાલુકાની બાવાના મુવાડા પ્રા. શાળાના શ્રી પરમાર મહેન્દ્રભાઈ; ખેડા તાલુકાની ઢઢાલની પ્રા.શાળાના શર્મા અલ્પેશભાઈ; ખેડા તાલુકાની પરસાંતજની પ્રા.શાળાનાં વાઘેલા રસિકભાઈ; ગળતેશ્વર તાલુકાની સાંગોલ પ્રા.શાળાના વાળંદ પ્રવિણભાઈ; ઠાસરા તાલુકાની અમૃતપુરા પ્રા.શાળાના વાઘેલા મેહુલકુમાર; ઠાસરા તાલુકાની રતનજીના મુવાડા પ્રા.શાળાના ખ્રિસ્તી ફ્રેક્લીનકુમાર; નડિયાદ તાલુકાની શ્રીમતી એમ.સી.પટેલ પ્રા.શાળા-ઉત્તરસંડાના પટેલ પ્રતિક કુમાર; નડિયાદ તાલુકાની પ્રા.શાળા-દેગામના વાઘેલા અલ્પાબેન; મહેમદાવાદ તાલુકાની શ્રી સિંહુજ કુમાર પે સેન્ટર શાળા-સિંહુજના નરેન્દ્રગીરી ગોસ્વામી અને માતર તાલુકાની પ્રા. કુમાર શાળા-માતરના પટેલ શીતલ દીક્ષિતભાઈનું સન્માનપત્ર અને દરેકને રૂ.૫૦૦૦ રોકડ આપી સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે શિક્ષક દિનની તમામને શુભેચ્છા આપતા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી કમલેશ પટેલે શિક્ષણને એક વ્યવસાય તરીકે નહીં પણ એક ધર્મના કાર્ય તરીકે અપનાવવાનો અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે કોઈ પણ શાળામાં ભણતું બાળક એ પુસ્તક છે જેનો શિક્ષકોએ અને માતા-પિતાઓએ અભ્યાસ કરવાનો છે. શિક્ષકોએ ફક્ત ભણવા પૂરતું સીમિત ન રહેતા બાળકો સમાજ અને રાષ્ટ્ર માટે વિચારતા અને કાર્ય કરતા થાય એ દિશામાં કામગીરી કરવાની છે.

# જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને પોષણ માહ સપ્ટેમ્બરની ઉજવણી અંગેની બેઠક યોજાઈ

## સુપોષિત ભારત – સાક્ષર ભારત – સશક્ત ભારતની થીમ સાથે ઉજવાશે પોષણ માસ

। નડિયાદ, તા.૫ ।

પોષણ અભિયાન હેઠળ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય પોષણ માસ તા. ૦૧ થી ૩૦ સપ્ટેમ્બર ઉજવવામાં આવશે. જે અંતર્ગર્ત ખેડા જિલ્લામાં આજ રોજ તા. ૦૫-૦૯-૨૦૨૩ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને ખેડા જિલ્લા પંચાયત ભવન ખાતે પોષણ માહ સપ્ટેમ્બર-૨૦૨૩ની ઉજવણી અંગેની બેઠક યોજાઈ.

આ વર્ષની પોષણ માહની થીમ સુપોષિત ભારત, સાક્ષર ભારત અને સશક્ત ભારત છે. આ થીમ હેઠળ માત્ર ને માત્ર સ્તનપાન અને પૂરક આહાર; સ્વસ્થ બાળક સ્પર્ધા (SBS); પોષણ ભી પઢાઈ ભી(PBPB); મિશન LiFE દ્વારા પોષણ સ્તરમાં સુધારો; મારી માટી મારો દેશ (MMMD); આદિવાસી કેન્દ્રિત પોષણ સેન્સિટાઈઝેશન; ટેસ્ટ, ટ્રીટ, ટોક – એનેમિયા આ તમામ પ્રવૃતિઓ અંતગર્ત કામગીરી કરવામાં આવશે. જે અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત પોષણ અભિયાન અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને વિવિધ યોજનાઓનો લાભ થકી તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં તેમજ બાળકોના કુપોષણમાં સુધારો થાય અને તે અંગેના આયોજન માટે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલએ જણાવ્યું



હતું કે પોષણ અભિયાનની ઉજવણી ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવી રહી છે ત્યારે બાળકો અને માતાઓનું પોષણ સુનિશ્ચિત કરી દેશની આવતી કાલ સુપોષિત કરવાનો અવસર આપણને મળ્યો છે. આગામી દિવસોમાં સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આ પોષણ માસ અભિયાનનો લાભ મળી રહે તે જુરૂરી છે. સારા સ્વાસ્થ્ય સાથે સારું શિક્ષણ પણ ખુબ જરૂરી છે. માટે તમામ આંગણવાડીમાં બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય, તેમજ તેમના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય તે પણ મહત્વનું છે. વધુમાં તેમણે જણાવ્યું કે જ્યાં કુપોષણનું સ્તર વધુ હોય તેવા વિસ્તારોમાં સંલગ્ન અધિકારીઓએ વ્યક્તિગત ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. તેમજ પોષણ અભિયાન હેઠળ આંગણવાડીના બાળકો અને માતાઓને યોજનાનો લાભ મળી રહે તે માટે તમામ આંગણવાડી વર્કર્સ બહેનોને જરૂરી તાલીમ આપવા અધિકારીશ્રીઓને સૂચન કરવામાં આવ્યું હતું.

# સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાની ટીડાણા સ્માર્ટ સ્કૂલ વાઇફાઇ સહિતની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ



। સુરેન્દ્રનગર, તા.૫ ।

રાજ્ય સરકાર દ્વારા શાળામાં પ્રવેશપાત્ર બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય, શિક્ષણ અને કન્યા કેળવણીનાં મહત્વ વિશે જાગરૂકતા વધે તે આશયથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવતી હોય છે. રાજ્ય સરકારનો હંમેશા પ્રયાસ રહ્યો છે કે, ૧૦૦% બાળકોનું શાળામાં નામાંકન થાય. ત્યારે વાત સુરેન્દ્રનગર જિલ્લાની એવી પ્રાથમિક શાળાની કરવી છે કે, જ્યાં બાળકોનું ૧૦૦% નામાંકન તો થાય જ છે પરંતુ સાથે-સાથે શાળામાં ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓના કારણે બાળકો હોંશે હોંશે શાળામાં ભણવા માટે આવી રહ્યા છે. આ શાળા છે, ઝાલાવાડના ટીડાણા ગામની પ્રાથમિક શાળા.

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના અંદાજિત ૧૨૦૦ ની વસ્તી ધરાવતા ટીડાણા ગામે આવેલ સ્માર્ટ સ્કૂલના આચાર્ય મહિપાલસિંહ જેતાવત અને શિક્ષકોની અથાગ જહેમત બાદ શાળાએ જિલ્લાની પ્રથમ નંબરની શાળાનું બિરૂદ મેળવ્યું છે. જિલ્લા અને જિલ્લા બહારથી આવેલ શિક્ષકો, કેળવણીકારો શાળાની અનોખી કાર્યપ્રણાલીનો પરિચય કેળવી આ સ્માર્ટ શાળાને સપનો કી પાઠશાળા નું બિરુદ આપી બિરદાવી રહ્યા છે.

શાળાના આચાર્યશ્રી મહિપાલસિંહ જેતાવત સ્માર્ટ સ્કૂલ વિશે વાત કરતા જણાવે છે કે, અમારી શાળામાં છેલ્લા ૧૭-૧૮ વર્ષથી બાળકોને બોલાવવા માટે બેલ વગાડવાની જરૂરિયાત રહેતી નથી કારણકે દરેક બાળક શાળાના સમયે જાતે જ આવી જાય છે. આથી શાળામાં સમયસૂચક બેલની કોઈ વ્યવસ્થા રાખવામાં આવી નથી. શાળામાં દરેક ક્લાસ સ્માર્ટ ક્લાસ છે. આ ક્લાસમાં ટચ બોર્ડના માધ્યમથી શિક્ષકો વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહ્યા છે. શાળામાં વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ છે, જેથી બાળકોમાં પણ નવું નવું જાણવાની ઈચ્છા વધવા લાગી છે સાથે સાથે વિદ્યાર્થીઓમાં ગેરહાજર રહેવાનું પ્રમાણ ઘટતા પરિણામ પર તેની સીધી અસર થવા લાગી છે અને બાળકો ખૂબ જ ઉત્સાહથી અભ્યાસ અર્થે આવી રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા કોમ્પ્યુટર લેબ અને પુસ્તકાલય બનાવવામાં આવ્યા છે. જેનો લાભ શાળાના વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે. શાળામાં આવેલ કોમ્પ્યુટર લેબના કારણે વિદ્યાર્થીઓમાં કોમ્પ્યુટરનું જ્ઞાન પણ વધ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર પર ટાઈપિંગ કરે છે તેમજ અહીંના વિદ્યાર્થીઓ રજા ચિઠ્ઠી માટે ચબરખી નહીં પણ ઈ-મેઈલનો ઉપયોગ કરે છે. ઈ-મેઈલના માધ્યમથી રજા ચિઠ્ઠી મોકલે છે.

### જસદણ તાલુકાનાં ખાંડા હડમતિયા ગામના

# મુખ્ય શિક્ષક સુનિલભાઈ આર. પરમારની જિલ્લા કક્ષાનાં શ્રેષ્ઠ મુખ્ય શિક્ષક એવોર્ડ તરીકે પસંદગી

હુસામુદ્દીન કપાસી

। જસદણ, તા.૫ ।

તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી- રાજકોટ દ્વારા જાહેર થયેલ પત્ર મુજબ ખાંડા હડમતિયા પ્રાથમિક શાળાના મુખ્ય સુનિલભાઈ પરમાર ની જિલ્લાનાં શ્રેષ્ઠ આચાર્ય તરીકે પસંદગી કરવામાં આવી. જિલ્લા કક્ષાએ તેમનુ સન્માન તા. ૦૫/૦૯/૨૦૨૩ ને શિક્ષક દિન ના રોજ થનાર છે. સુનિલભાઈ પરમાર મુખ્ય શિક્ષક તરીકે આ શાળામાં વર્ષ ૨૦૧૨ થી ફરજ બજાવે છે. સતત છેલ્લા ત્રણ વર્ષથી સરકારશ્રી તરફથી યોજવામાં આવેલ ગુણોત્સવ ૨.૦ માં આ



શાળાએ છ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. જેના પરિણામે સરકાર દ્વારા આ શાળાની પસંદગી લાઈટ હાઉસ પ્રોજેક્ટ માં પણ પસંદગી થયેલ છે. ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૬ માં ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા ના હસ્તે તેમને ગુરુ ગૌરવ એવોર્ડ પણ મળેલ છે. જ્યારે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા પ્રતિભાશાળી શિક્ષક સન્માન પણ વર્ષ ૨૦૧૯ માં પ્રાપ્ત કરેલ છે. જ્યારે જસદણ તાલુકા વહીવટી તંત્ર દ્વારા વર્ષ ૨૦૨૨ માં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી સન્માન પણ તેમને પ્રાપ્ત થયેલ છે શાળાના મુખ્ય શિક્ષક શ્રી સુનિલભાઈ પરમારે બે રાષ્ટ્રકક્ષા એ સંશોધન પેપર રજૂ કરેલ છે તેમજ બે વખત રાજ્ય લેવલે સંશોધન પેપર રજૂ કરેલ છે. મુખ્ય શિક્ષકની પસંદગી જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ આચાર્યમાં તરીકે થતાં શાળાના શિક્ષકો તેમજ ખાંડા હડમતિયા ગામના તમામ નગરિકોએ ખૂબ જ અભિનંદન પાઠવેલ છે અને ગૌરવ અનુભવે છે.

### ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૫મી જન્મજયંતિ

# નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા પોડિયમ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી

। ગાંધીનગર, તા.૫ ।

ભારતના મહાન તત્વચિંતક તથા ભારતના બીજા રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં સમગ્ર ભારતમાં પાંચમી સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત વિધાનસભા ખાતેના પોડિયમમાં આજીવન શિક્ષક એવા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૫મી જન્મજયંતિએ તેમના તૈલચિત્રને રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાસુમન પાઠવ્યા બાદ મંત્રી શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે, ડૉ.રાધાકૃષ્ણનના મહાન પ્રદાન માટે તેમને ભારત રત્ન તેમજ અન્ય અનેક એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ એક મહાન તત્ત્વચિંતક, વિચારક, શિક્ષક તેમજ ભારતીય દર્શનના પ્રણેતા હતા. મદ્રાસ યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવ્યા બાદ દેશની અનેક યુનિવર્સિટીઓમાં



દર્શનશાસ્ત્રના પ્રોફેસર અને છેવટે બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના કુલપતિ બન્યા હતા. તેઓ ઓક્સફર્ડ તેમજ શિકાગોની ખ્યાતનામ યુનિવર્સિટીઓમાં પણ ભારતીય દર્શનશાસ્ત્રના અધ્યાપક હતા.

તેમણે ઉમેર્યું હતું કે, શિક્ષકો આધુનિક ભારતના ઘડવૈયા છે. કોઈ પણ સમાજ અથવા દેશનું સારું ભવિષ્ય બનાવવાની જવાબદારી તે દેશના શિક્ષકોની છે. તેઓ વિદ્યાર્થીઓને સફળતાના શિખરો સુધી પહોંચવાનો માર્ગ બતાવવાનું કામ કરે છે. શિક્ષકના આ મહત્વને ધ્યાનમાં રાખીને, આપણા દેશમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજી બાવળીયા, સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, પંચાયત રાજ્યમંત્રીશ્રી બચુભાઈ ખાબડ, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, નાયબ દંડકશ્રી વિજયભાઈ પટેલ, રમણભાઈ સોલંકી તથા વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલ સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# કિરીટભાઈની આ બાળ સેવાને રાજય તથા કેન્દ્ર સરકારે ૧૭ થી વધુ રાજય તથા રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કાર વડે બિરદાવી છે

। જામનગર, તા.૫ ।

કિરીટ ગોસ્વામીની પ્રથમ ઓળખ એક સુપ્રસિદ્ધ બાળસાહિત્યકાર તરીકેની છે. પરંતુ, આ બાળસાહિત્યની પૃષ્ઠભૂમિ છે બાળકો માટેનો પ્રેમ અને શિક્ષકનો વ્યવસાય! તેઓ જામનગર મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં એકવીસ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવે છે.તેઓ ‘ ચૉક એન્ડ ટૉક ‘ ની પરંપરિત શિક્ષણપ્રથામાં માનતા નથી.શાળાના શિક્ષણ ઉપરાંત, બાળકોને જીવનનું શિક્ષણ આપવાના તેઓ હિમાયતી છે.બાળકની



સમસ્યાઓ, પ્રશ્નો, મૂંઝવણ સાંભળનાર શિક્ષક છે.પરિણામે તેઓ વ્હાલનો વર્ગખંડ રચે છે.માતૃ-હૃદય ધરાવતા આ શિક્ષકે વિદ્યાર્થીઓ સાથેના સત્ય ઘટનાત્મક પ્રસંગો ‘ફૂલગુલાબી કિસ્સા’ પુસ્તકમાં લખ્યા છે.શિક્ષક, વિદ્યાર્થીઓ અને સમાજને પ્રેરણા આપતા આ પુસ્તકને કમિશનર ઑફ સ્કૂલનો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.તો વિદ્યાર્થીઓની આવી જ વાતો ‘શિક્ષકની સામાજિક ભૂમિકા’ નામક પ્રોજેક્ટમાં તેમણે આલેખી છે; ને એ બદલ એમને ‘આદિત્ય કિરણ શ્રેષ્ઠ શિક્ષક’ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.આ ઉપરાંત, ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હસ્તે અચલા એજ્યુકેશન ફાઉન્ડેશનનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પણ તેઓને પ્રાપ્ત થયેલ છે. શિક્ષણને ઢાંચા કે ઘરેડને બદલે વધારે બાળકલક્ષી બનાવવા માટે કિરીટ ગોસ્વામીએ બાળસાહિત્યનો આધાર લીધો છે.માત્ર ગુજરાત જ નહીં, ભારતભરમાં એક પ્રતિબદ્ધ બાળસાહિત્યકાર તરીકે તેમની પ્રતિષ્ઠા છે. બાળગીત, બાળવાર્તાઓ અને સંવેદનકથાઓનાં લગભગ પાંત્રીસેક પુસ્તકો એમણે આપ્યાં છે.તેમના પુસ્તક ખિસકોલીને કમ્પ્યૂટર છે લેવું! બદલ તેઓને બાળસાહિત્યનો સર્વોચ્ચ એવો સાહિત્ય અકાદેમી, દિલ્હીનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવાની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે. લોકોનો ચંચૂપાત આજે તમારા જીવનસાથી સાથેના તમારા સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. આજે તમારે અચાનક થોડી અનિચ્છનીય યાત્રા કરવી પડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે. પ્રવાસ તથા પર્યટન આનંદ લાવશે તથા શૈક્ષણિક પણ પુરવાર થશે. તમને અત્યંત ખુશ કરવા તમારા જીવનસાથી આજે ઘણી જહેમત ઉઠાવશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો?

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. સાંજે તમને લાગશે કે તમે કેટલો કિંમતી સમય બગાડ્યો છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમપણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે. સેમિનાર તથા પ્રદર્શન તમને નવું જ્ઞાન તથા નવા સંપર્કો આપશે. પોતાના જીવનમાં તમારું સ્થાન શું છે તે વર્ણવતા કેટલાક સુંદર શબ્દો સાથે તમારા જીવનસાથી આજે તમારી પાસે આવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. ગેરસમજના ખરાબ ચતબક્કા બાદ, આજનો દિવસ સાંજે તમને તમારા જીવનસાથી તરફથી પ્રેમના આશીર્વાદ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા એ ખરેખર તો તમારો શુભચિંતક છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારી વાતચીતમાં તમે જેવા છો એવા જ રહો કેમ કે તમે જે નથી એ દેખાડવાથી તમને કોઈ જ ફાયદો નહીં થાય.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે - આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. સાજા થવાનો એ સૌથી શ્રેષ્ઠ પ્રકાર છે. તેઓ અપાર ખુશીનું માધ્યમ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. આ રાશિ ના જાતકો આજે લોકો ને મળવા કરતા એકાંત માં રહેવું વધારે પસંદ કરશે? આજે તમે ખાલી સમય માં ઘર માં સાફ સફાઈ કરી શકો છો?

## ન્યૂઝ બ્રિફ

### શરદ પવારના વલણથી બદલાયો ઇન્ડિયાનો માહોલ

। મુંબઇ,તા.૫ ।

એનસીપીના નેતા અને શરદ પવારના ભત્રીજા અજિત પવારના બળવા બાદ બાદ મહારાષ્ટ્રમાં રાજકીય વ્યૂહરચના બદલાવા લાગી છે. ઘણી વખત એવું જોવા મળ્યું છે કે, શરદ પવાર અને તેમની પુત્રી સુપ્રિયા સુલે તેમના નિવેદનોમાં અજિત પ્રત્યે નરમ દેખાયા છે. નિષ્ણાત વર્ગનું માનવું હતું કે, શરદ પવાર વિરોધ પક્ષ ઈન્ડિયા જૂથ સાથેના સંબંધો તોડીને એનડીએ તરફ મિત્રતાનો હાથ લંબાવી શકે છે. પરંતુ મુંબઈમાં વિપક્ષી ઈન્ડિયા જૂથની બેઠકમાં પ્રમુખ શરદ પવારની હાજરી અને સંકલન સમિતિમાં તેમના સમાવેશથી એવી અટકળો પર પૂર્ણવિરામ લાગી ગયું છે. તેઓ ભાજપ વિરોધી મોરચા સિવાય બીજું કોઈ પગલું ભરશે નહીં તેવું લાગી રહ્યું છે. ઉદ્ધવ જૂથ શિવસેનાના એક નેતાએ જણાવ્યું હતુ.

### અમેરિકાની ફર્સ્ટ લેડી જીલ બિડેન કોરોના પોઝિટિવ

। નવી દિલ્હી, તા.૫ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેન બે દિવસ બાદ ભારતમાં જી-૨૦ સમિટમાં ભાગ લેવાના હતા. આ પહેલા બંનેનો કોવિડ રિપોર્ટ આવી ગયો છે. જેમાં ફર્સ્ટ લેડી જીલ બિડેન કોરોના સંક્રમિત જોવા મળી છે. તે જ સમયે, રાષ્ટ્રપતિ બિડેનનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જોકે પ્રથમ મહિલા કાર્યાલયનું કહેવું છે કે તેમનામાં કોવિડના કોઈ લક્ષણો નથી. આ દરમિયાન, તે ડેલવેરમાં તેના નિવાસસ્થાને રહેશે. તેમના કોમ્યુનિકેશન ડિરેક્ટરે એક નિવેદનમાં કહ્યું કે વ્હાઇટ હાઉસ મેડિકલ યુનિટે નજીકના લોકોને આ અંગે જાણ કરી છે. સાઉથ કેરોલિનામાં રાષ્ટ્રપતિ સાથે વેકેશન દરમિયાન ૧૬ ઓગસ્ટના રોજ ૭૧ વર્ષીય જીલ બિડેન પ્રથમ વખત કોવિડ પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું હતું. તે ૫ દિવસથી ક્વોરેન્ટાઈનમાં હતા. કોવિડ રિપોર્ટ આવ્યા બાદ તે રાષ્ટ્રપતિ સાથે જોડાવા માટે રવાના થઈ ગઈ. રાષ્ટ્રપતિ બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેન ૭ સપ્ટેમ્બરે G-૨૦ સમિટમાં ભાગ લેવા ભારત આવવાના હતા. વ્હાઇટ હાઉસ દ્વારા કહેવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ બિડેન ૮ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. તેઓ G-૨૦ના નેતૃત્વ માટે મોદીની પ્રશંસા કરશે.



ગુરુગ્રામની સરકારી ગર્લ્સ સિનિયર માધ્યમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

#### ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દૃષ્ટિએ ભારત ઘણું બદલાઈ ગયું છે

## વિદેશ ગયેલા ઘણા ભારતીયો ભારત આવીને નિવૃત્તિ ગાળવા માંગે છે

#### ભારતમાં તેઓ શાંતિથી જીવવા માટે જુદી જુદી એસેટમાં મૂડી રોકી રહ્યા છે, તેમને કલ્ચરની રીતે પણ ભારત પસંદ છે

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતમાંથી કાયમ માટે વિદેશ જઈ રહેલા લોકોની સંખ્યા વધતી જાય છે તેમ તેમ ઘણા નોન રેસિડન્ટ ઈન્ડિયન્સ વિદેશમાં મોટા ભાગનું જીવન ગાળ્યા પછી પરત સ્વદેશ આવી રહ્યા છે. જીવનના પાછળના વર્ષોમાં તેમને ભારત કદાચ વધુ આકર્ષક લાગુ રહ્યું હોય તેવો ટ્રેન્ડ છે. તેઓ જે સમયે ભારત છોડીને વિદેશ ગયા હતા તેની સરખામણીમાં ભારત નાણાકીય રીતે, સગવડોની રીતે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દૃષ્ટિએ ઘણું બદલાઈ ગયું હોવાથી તેઓ ભારત આવી રહ્યા છે. NRI લોકોને ભારતમાં પોતાની મૂડી રોકવા માટે સારી તક મળે છે અને તેના પર વળતર પણ વધારે છે જેના કારણે તેઓ સ્વદેશ આવી રહ્યા છે. તાજેતરમાં એનઆરઆઈ આધારિત ફિન-ટેક પ્લેટફોર્મ દ્વારા સરવે કરવામાં આવ્યો હતો જેમાં આ તારણ નીકળે છે. સરવે મુજબ ઓસ્ટ્રેલિયા, કેનેડા, અમેરિકા, યુકે અને સિંગાપોરથી વધુને વધુ સંખ્યામાં ભારતીયો સ્વદેશ પુનરાગમન કરી રહ્યા છે. ખાસ કરીને તેઓ રિટાયરમેન્ટ માટે અહીં આવી રહ્યા છે. ભારતથી જે લોકો વિદેશ ગયા છે અને ૩૦થી ૫૦ વર્ષની ઉંમરના છે.

## કર્ણાટકમાં લોકસભા ચૂંટણી પહેલા એકવાર ફરીથી ઓપરેશન હસ્તની ચર્ચા શરૂ થઈ

। બેંગ્લુરૂ,તા.૫ ।

રાજકારણમાં ટાઈમિંગ ખુબ જ મહત્વનો હોય છે. સંભાવનાઓનું બીજું નામ રાજકારણ છે. આવામાં હાલમાં જ કર્ણાટકમાં એક અભિનેતાની બર્થડે પાર્ટી પર ભાજપના બે નેતાઓએ ડેપ્યુટી સીએમ ડી કે શિવકુમાર સાથે મુલાકાત કરી તો લોકસભા ચૂંટણી પહેલા એકવાર ફરીથી ઓપરેશન હસ્તની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉદાહરણ તરીકે લગભગ એક અઠવાડિયા પહેલા કોંગ્રેસ વિધાન પરિષદ સભ્ય અને પૂર્વ મુખ્યમંત્રી જગદીશ શેટ્ટરે કહ્યું કે અમે ભાજપમાં તોડફોડ કરી રહ્યા નથી. ભાજપની હાલની વ્યવસ્થાના પગલે લોકો કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે. સ્વેચ્છાએ એક પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં જવું તે કોઈ ઓપરેશન નથી.



એટલે કે આ માટે કોંગ્રેસ પાર્ટીએ ઓપરેશન ચલાવવાની જરૂર નથી. કારણ કે ભાજપમાંથી ૧૦, ૨૦, ૩૦ લોકો કોંગ્રેસમાં આવી શકે છે. કર્ણાટક કોંગ્રેસ રાજ્યમાં આગામી ૨૦૨૪ લોકસભા ચૂંટણી પહેલા પ્રમુખ ભાજપ નેતાઓને પોતાના પડખે ખેંચવાની યોજના ઘડી રહી છે. ઓપરેશન હસ્ત (કન્નડમાં હસ્તનો અર્થ હાથ) નામની કવાયત હેઠળ કોંગ્રેસ આગામી વર્ષ ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણી પહેલા ભાજપને તગડો ઝટકો આપવા માંગે છે. ઓપરેશન હસ્ત દ્વારા જે રાજ્યોમાં કોંગ્રેસ પાર્ટી સત્તામાં છે ત્યાં તેઓ ભાજપના વરિષ્ઠ અને જનાધારવાળા નેતાઓને પોતાના પક્ષમાં લાવવાની કોશિશ કરશે. આ ઓપરેશન ભાજપના કથિત ઓપરેશન લોટસનો બદલો માનવામાં આવી રહ્યો છે. જે રીતે ૨૦૧૯માં થયું હતું જ્યારે કર્ણાટકમાં સત્તાધારી ગઠબંધનના ૧૭ વિધાયકોની અયોગ્યતાના કારણે કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધનની સરકાર પડી હતી. કર્ણાટકમાં ભાજપ નેતાઓને કોંગ્રેસમાં સામેલ કરવા માટે ઓપરેશન હસ્ત ચલાવવાની અટકળો વચ્ચે ભાજપના પૂર્વ મંત્રી બી સી પાટિલ અને પૂર્વ વિધાયક નરસિંહા નાઈકે કન્નડ અભિનેતા સુદીપ સંજીવના જન્મદિવસે ડી કે શિવકુમાર સાથે મુલાકાત કરી.

## મણિપુર મુદ્દે યુએનમાં થયેલી ટીપ્પણી ભારતે તદન નકારી કાઢી

#### ભારતના પ્રતિનિધિએ આ ટિપ્પણીઓને અયોગ્ય, અનુમાનિત અને ભ્રામક ગણાવવા સાથે કહ્યું કે, પૂર્વોત્તર રાજ્યમાં સ્થિતિ શાંતિપૂર્ણ છે

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતના પૂર્વોત્તર રાજ્ય મણિપુર ભડકેલી હિંસાનો મામલો હવે ફક્ત દેશમાં જ નહિ વિશ્વમાં પણ ચર્ચાય રહ્યો છે. હાલમાં જ યુએનમાં આ બાબતે ટીપ્પણી કરવામાં આવી હતી. જોકે આ ટીપ્પણી પર ભારત દ્વારા વળતી પ્રતિક્રિયા પણ સામે આવી છે.

યુએન મણિપુર મુદ્દે થયેલી ટિપ્પણીઓને ભારતે તદન નકારી કાઢી છે. ભારતના પ્રતિનિધિએ આ ટિપ્પણીઓને અયોગ્ય, અનુમાનિત અને ભ્રામક ગણાવી હતી. સાથે જ કહ્યું કે, પૂર્વોત્તર રાજ્યમાં સ્થિતિ શાંતિપૂર્ણ છે. ગઈકાલે સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતોએ કહ્યું હતું કે, મણિપુરમાં મહિલાઓ અને છોકરીઓને નિશાન બનાવીને લિંગ આધારિત હિંસાના સમાચાર અને તસવીરો ખૂબ જ ચિંતાજનક છે. આ સાથે તેમણે ભારત સરકારને હિંસાની ઘટનાઓની તપાસ કરવા અને ગુનેગારોને જવાબદાર ઠેરવવા માટે સમયસર પગલાં લેવા વિનંતી કરી. યુએનના નિષ્ણાતોએ મણિપુરમાં કથિત જાતીય હિંસા, ન્યાયવિહિન હત્યાઓ, બળજબરીથી વિસ્થાપન, ત્રાસ અને દુર્વ્યવહાર સહિતના ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનના અહેવાલો પર ચિંતા વ્યક્ત કરી હતી.

### સિયાચીનના સૈનિકોને ઠંડીથી રાહત, સ્વદેશી યુનિફોર્મ બચાવશે

। નવી દિલ્હી, તા.૫ ।

સિયાચીનમાં સૈનિકોને સ્વદેશી યુનિફોર્મ ઠંડીથી બચાવશે. હવે માઈનસ ૫૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ફરજ બજાવતા જવાનો માટે દેશમાં ક્લાઈમેટ સિસ્ટમ ડ્રેસ તૈયાર થઈ જશે. અત્યાર સુધી આ પ્રકારના ડ્રેસની આયાત સિંગાપોર, મલેશિયા અને અમેરિકાથી કરવામાં આવતી હતી. હવે તેને દેશમાં તૈયાર કરવાની યોજનાને મંજૂરી મળી ગઈ છે. પેરાશૂટ બનાવતી ઓર્ડનન્સ ઈક્વિપમેન્ટ ફેક્ટરી ખાતે મેક ઈન ઈન્ડિયા હેઠળ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ડિવિઝનલ ઓફિસર માર્કેટિંગ પરવેઝ વાડેરે જણાવ્યું કે સિયાચીનમાં માઈનસ ૫૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં જવાનો માટે ડ્યૂટી કરવી ખૂબ જ મુશ્કેલ છે. આ સૈનિકોની સુરક્ષા માટે સ્ટીમ કોલ્ડ વેધર ક્લોથિંગ સિસ્ટમ હેઠળ ડ્રેસ તૈયાર કરવામાં આવે છે. પરવેઝ વૈદરે જણાવ્યું કે ડ્રેસનું ફેબ્રિક લુધિયાણા સહિત અન્ય શહેરોમાંથી ખરીદવામાં આવશે. જેમાં નાયલોન, પોલિએસ્ટર અને થર્મલ ઈન્સ્યુલેટરનું પ્રોસેસિંગ કરીને ડ્રેસ તૈયાર કરવામાં આવશે. આ માટે કારખાનામાં મશીનો મંગાવવામાં આવ્યા છે.

## યુક્રેન યુદ્ધ વચ્ચે ઉત્તર કોરિયા પાસેથી હથિયાર ખરીદવાની તૈયારીમાં રશિયા

। નવી દિલ્હી, તા.૫ ।

ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોંગ ઉન જલદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળવા રશિયા જઈ શકે છે. અમેરિકાના અધિકારીએ દાવો કર્યો છે કે આ દરમિયાન રશિયા યુક્રેનમાં યુદ્ધ માટે કિમ જોંગ પાસેથી સૈન્ય હથિયારો ખરીદવાનો પ્રયાસ કરશે. અમેરિકાના અધિકારીએ જણાવ્યું કે અમેરિકાને આશા છે કે કિમ જોંગ આ મહિનાની અંદર મુલાકાત કરશે. જો કે તેમણે કહ્યું કે બેઠક ક્યાં અને ક્યારે થશે તે અંગે કોઈ પુષ્ટી થઈ નથી, પરંતુ ઉત્તર કોરિયાથી અંતરને જોતા બંને નેતાઓ વચ્ચે પેસિફિક પોર્ટ સિટી વ્લાદિવોસ્તોકમાં મુલાકાત થઈ શકે છે. અનુસાર, નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા એડ્રિન વોટસને સોમવારે જણાવ્યું હતું કે રશિયન સંરક્ષણ પ્રધાન સર્ગેઈ શોઈગુએ તાજેતરમાં પ્યોંગયાંગની યાત્રા કરી હતી અને ઉત્તર કોરિયાને રશિયાને આર્ટિલરી દારૂગોળો વેચવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. વોટસને કહ્યું હતું કે “અમારી પાસે માહિતી છે કે કિમ જોંગ ઉન આ ચર્ચાઓ ચાલુ રાખવાની અપેક્ષા રાખે છે.

## વોટ્સએપએ જુલાઈમાં ૭૨ લાખથી વધુ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો

। નવી દિલ્હી, તા.૫ ।

સોશિયલ મીડિયા કંપની વોટ્સએપે જુલાઈ મહિનામાં પ્લેટફોર્મ પરથી ૭૨ લાખ ભારતીય એકાઉન્ટને પ્રતિબંધિત કરી દીધા છે. આઈટી નિયમ ૨૦૨૧ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા કંપનીઓએ IT નિયમ ૨૦૨૧ હેઠળ દર મહિને માસિક વપરાશકર્તા સુરક્ષા અહેવાલ જારી કરવાનો રહેશે. મેટાએ જુલાઈ મહિના માટે વોટ્સએપ સેફ્ટી રિપોર્ટ જાહેર કર્યો છે. કંપનીએ જુલાઈમાં પ્લેટફોર્મ પરથી ૭૨ લાખ ભારતીય ખાતાઓને પ્રતિબંધિત કર્યા છે. કંપનીએ કહ્યું કે ૧ થી ૩૧ જુલાઈની વચ્ચે તેણે ૭૨,૨૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે જ્યારે ૩૧,૦૮,૦૦૦ એકાઉન્ટ્સ કોઈપણ ફરિયાદ વિના પહેલાથી જ પ્રતિબંધિત છે. કંપનીએ પોતાની દેખરેખ હેઠળ આ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ભારતમાં WhatsAppના ૫૫૦ મિલિયનથી વધુ સક્રિય વપરાશકર્તાઓ છે. જુલાઈ મહિનામાં, કંપનીને રેકોર્ડ ૧૧,૦૬૭ ફરિયાદ અહેવાલો મળ્યા હતા, જેમાંથી કંપનીએ ૭૨ પર કાર્યવાહી કરી હતી.

**વિશેષ** જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાના ‘શ્રેષ્ઠ શિક્ષક’ પારિતોષિક વિજેતા શ્રી શિલ્પાબેને ‘લર્નિંગ બાય ડુઈંગ’ના કન્સેપ્ટ થકી શિક્ષણ ક્ષેત્રે હાથ ધર્યા અવનવાં પ્રયોગો

# ‘શિક્ષક કભી સાધારણ નહીં હોતા’ ઉક્તિને સાર્થક કરતાં રાજકોટના દિવ્યાંગ શિક્ષક શિલ્પાબેન ડાભી

### શાળા એ સમાજનું લઘુકુટુંબ છે જેથી, શાળાને કુટુંબ માની, મારાથી બનતું કરવા તત્પર રહું છું અને મને મારા કાર્યથી મળતો સંતોષ પૂરતો છે : શિલ્પાબેન

ભારત દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે તા. ૦૫ સપ્ટેમ્બરના રોજ ‘શિક્ષક દિવસ‘ ઉજવવામાં આવે છે. માનવીના વ્યક્તિત્વ અને ચરિત્રના ઘડતરમાં શિક્ષકનો ફાળો અમૂલ્ય હોય છે. ત્યારે ચાણક્યની આ ઉક્તિને રાજકોટના શિલ્પાબેન ડાભી ખરાં અર્થમાં સાર્થક કરે છે.

હાલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળા નંબર ૪૭માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા શ્રી શિલ્પાબેન ડાભી શારીરિક વિકલાંગ હોવા છતાં આત્મનિર્ભર છે. તેમણે દિવ્યાંગતાને નબળાઈ બનાવ્યા વિના શિક્ષણ ક્ષેત્રે અવનવા પ્રયોગો હાથ ધર્યા છે. આથી, શિલ્પાબેનને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્ય કક્ષાનો ‘શ્રેષ્ઠ શિક્ષક’ એવોર્ડ, ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડીયાના હસ્તે જિલ્લા કક્ષાનો ‘શ્રેષ્ઠ શિક્ષક’ એવોર્ડ, વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરસિંહ ચૌધરીના હસ્તે ‘શ્રેષ્ઠ શિક્ષક’નું પ્રમાણપત્ર, તત્કાલીન શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ‘શ્રેષ્ઠ શિક્ષક’નું બહુમાન, ગાંધીનગર શિક્ષણ બોર્ડ દ્વારા ‘પ્રતિભાશાળી શિક્ષક’ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. તેમજ તેઓનું વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા સન્માન કરાયું છે.

શ્રી શિલ્પાબેન શારીરિક ઉણપ ધરાવતાં હોવા છતાં જીવનમાં પડકારો સામે પરાજિત થયા નથી. તેઓ બાળપણમાં તાવના ઈલાજમાં ઈન્જેક્શનના



રિએક્શનને લીધે હાથ-પગમાં ઉણપ થતા પથારીવશ બની ગયા. છ મહિના સુધી શાળાએ જઈ શકાયું નહીં. તેમણે બેડરેસ્ટ વખતે પણ અભ્યાસ ચાલુ જ રાખ્યો. માતા, પિતા, મામા અને નાનીની ખાસ સંભાળથી હલનચલન કરતા થયા. ધો. ૧૦ બોર્ડની પરીક્ષામાં સ્કૂલ-ફર્સ્ટ આવી, પરિવારનું નામ રોશન કર્યું. તેઓ ધો. ૧૨ બાદ પી.ટી.સી. કરી, સિંધાવદર ગામે સરકારી શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ત્યારબાદ તેમને રાજકોટ કોર્પોરેશનની શાળામાં જોબ મળી ગઈ. તેઓ શાળા નં. ૧૫ અને શાળા નં. ૯૭માં શિક્ષક તરીકે ફરજ બજાવી હાલ શાળા નં. ૪૭માં કાર્યરત છે.

શ્રી શિલ્પાબેન વર્ગખંડમાં ‘લર્નિંગ બાય ડુઈંગ‘ના કન્સેપ્ટનો ઉપયોગ કરે છે. તેમણે રમતપ્રવૃત્તિ સાથે ભણતર કરાવવાના પ્રયોગરૂપે શાળા નજીક ટેકરીના પગથીયા ઉપર શૈક્ષણિક ચિત્રકામ કરાવ્યું છે. જેમાં આંકડાકીય માહિતી, સામાજિક સંદેશ, ગુજરાતી મહિનાઓના નામ વગેરે ચીતરવામાં આવ્યા છે. તેઓ જરૂરિયાતમંદ બાળકોને આર્થિક સહાય ઉપરાંત નોટબુક, પેન, દફતર, સ્લેટનું વિતરણ કરે છે. તેમણે કોરોના કાળમાં શેરી શિક્ષણ પૂરું પાડ્યું હતું અને પોતાની ‘એટ સ્કુલ’ નામની યુટ્યુબ ચેનલ પર વિડીઓ અપલોડ કર્યા હતા તથા વિના મૂલ્યે માસ્કનું વિતરણ પણ કર્યું હતું.

શ્રી શિલ્પાબેને શહેરના છેવાડાના વિસ્તારમાં આવેલી ધો. ૧ થી ૫ની શાળા નંબર ૯૭માં ભૌતિક સુવિધા વધારવામાં રસ દાખવી, સ્વખર્ચે મ્યુઝીક સિસ્ટમ, માઈક, શૈક્ષણિક પોસ્ટર્સ, શાળાનો ઘંટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે વેશભૂષા વસાવ્યાં છે. તેમણે શાળામાં બાંકડા પણ મુકાવ્યા છે. શાળાના મેદાનમાં હીંચકા, રમતનાં સાધનો આવે, તે માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અરજી કરી છે. તેમણે શાળાનું મેદાન વિવિધ વૃક્ષો વાવી, લીલુંછમ કર્યું છે. બાળકોને શાળાએ આવવું ગમે, તે માટે શાળાને સુંદર ચિત્રોથી આકર્ષક બનાવી છે. એજ્યુકેશન ઈનોવેશન ક્ષેત્રે રસ દાખવી, ઈનોવેશન ફેરમાં ભાગ લઈ મેડલ અને શિલ્ડ મેળવ્યાં છે.

શ્રી શિલ્પાબેન કહે છે કે શાળા એ સમાજનું લઘુકુટુંબ છે. જેથી, શાળાને કુટુંબ માની મારાથી બનતું કરવા તત્પર રહું છું અને મને મારા કાર્યથી મળતો સંતોષ પૂરતો છે. મેં ક્યારેય મારા કાર્યો બદલ પારિતોષિક મેળવવાની ઝંખના નથી કરી. શાળાના આચાર્યના આગ્રહથી રાજ્ય પારિતોષિકમાં એન્ટ્રી મોકલી હતી. શિક્ષણ ક્ષેત્ર ઉપરાંત સમાજસેવા ક્ષેત્રે મને ખૂબ જ રસ છે. ઈન્ડિયન લાયન્સ ક્લબ, રાજપૂત મહિલા મંડળ, બોલબાલા ટ્રસ્ટ સહિત અનેક સંસ્થાઓ સાથે જોડાયેલી છું. સાહિત્યક્ષેત્રે રુચિ હોવાથી સાહિત્ય સભા કે કવિ સંમેલનમાં ભાગ લેવો મને ગમે છે.

શ્રી શિલ્પાબેને સ્વચ્છતા અભિયાન વખતે લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે, તે માટે શાળાની આસપાસના વિસ્તારોમાં ઘરે-ઘરે જઈ લોકસંપર્ક કર્યો હતો અને શેરીનાટક કર્યાં હતાં. શાળામાં બાળકોને મ્યુઝિયમની મુલાકાતનો આનંદ મળે, તે હેતુથી શાળામાં પ્રદર્શન ગોઠવી, મ્યુઝિયમ જેવો માહોલ ઊભો કર્યો હતો. તેમણે શિક્ષણને અસરકારક બનાવવા સિક્કા, સ્ટેમ્પ ટિકિટ, પોકેટ બુક, સ્વામી વિવેકાનંદના જીવનકવનનું સાહિત્ય અને સ્વચ્છતા કિટના પ્રદર્શન યોજ્યાં છે. તેમજ શાળા કક્ષાએ યોજેલા ‘સેટરડે સ્પેશિયલ’, ‘સ્કીલ ડેવલપમેન્ટ ઈન ગર્લ્સ’ જેવા પ્રોજેક્ટસની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે.

નોંધનીય છે કે શ્રી શિલ્પાબેને શાળામાં અભ્યાસની સમસ્યાઓના નિદાન, ઉપચાર અંગે ક્રિયાત્મક સંશોધન કરેલું છે, જે માટે જિલ્લા કક્ષાએથી તેમને ગ્રાન્ટરૂપે નાણાકીય સહાય મળી હતી. આ નાણાકીય સહાય તથા સરકાર તરફથી મળેલાં પારિતોષિકો બદલ શ્રી શિલ્પાબેન રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર માને છે તેમજ તેમનો જીવનરથ નિષ્ઠાભર્યા કાર્યોથી ચાલતો રહે, તેવી લાગણી વ્યક્ત કરે છે.

### અમદાવાદ બન્યું અકસ્માતનું શહેર

# છેલ્લા ૨૪ કલાકમાં ૩ અલગ-અલગ અકસ્માતમાં ૫ લોકોને કાળ ભરખી ગયો

## એક દિવસમાં ૫ લોકોના મોતથી ફરી સનસનાટી ફેલાઈ ગઈ છે પાંચ મૃતકોમાં ૪ યુવકો અને એક મહિલાનો સમાવેશ થાય છે

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદમાં અકસ્માતનો સિલસિલો યથાવત છે. અમદાવાદના એસ.જી હાઈવે પર છેલ્લા ૨૪ કલાકમાં સર્જાયેલા ૩ અકસ્માતમાં ૫ લોકોના મૃત્યુ થયા છે. એક દિવસમાં ૫ લોકોના મોતથી ફરી સનસનાટી ફેલાઈ ગઈ છે. પાંચ મૃતકોમાં ૪ યુવકો અને એક મહિલાનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં બે અકસ્માત સોલા નજીક અને એક અકસ્માત પકવાન નજીક સર્જાયો છે.

આ અંગે વિગતવાર વાત કરીએ તો આજે વહેલી સવારે અમદાવાદના એસ.જી હાઈવે પર પકવાન બ્રિજથી ગાંધીનગર જતાં માર્ગ પર કાર ચાલકે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા. ગાડી પલટી મારી જતા નરેશ પ્રજાપતિ (ઉં.વ ૨૩), મિતેશ પ્રજાપતિ (ઉં.વ ૨૪) અને કૌશલ પ્રજાપતિ (ઉં.વ ૨૪) નામના ત્રણ યુવકોના મૃત્યુ નિપજ્યાં હતા. જ્યારે ગાડી ચાલક નિમેષ પંચાલ ફરાર થઈ ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ત્રણેય મૃતકો વાડજના રહેવાસી હોવાનું સામે આવ્યું હતું. ગઈકાલે પણ અમદાવાદના એસજી હાઈવે પર અકસ્માત સર્જાયો હતો.



એસ જી હાઇવે પર વહેલી સવારે પકવાન ચાર રસ્તા પાસે થયેલ અકસ્માત.

જેમાં એક યુવકનું મોત થયું હતું. અંકિત પ્રજાપતિ નામનો યુવક બાઈક પર સવારે ૮ વાગ્યે ઓફિસ જવા નીકળ્યો હતો. ત્યારે સોલા બ્રિજ પર એક ખાનગી કંપનીની બસના ચાલકે બાઈકસવાર અંકિતને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં અંકિતનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. તો બીજી બાજુ બસ ચાલક અકસ્માત સર્જીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસડીને ફરાર બસ ચાલકની શોધખોળ હાથ ધરી હતી. તો સોલામાં અન્ય એક અકસ્માતમાં એક મહિલાનું મૃત્યુ નિપજ્યું હતું. શહેરના સોલા વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં રાહદારી પાયલ કુંવરબા નામના મહિલાનું મૃત્યુ થયું હતું. સમગ્ર મામલે પોલીસે ફરિયાદ નોંધી વાહનચાલકની શોધખોળ હાથ ધરી હતી. આપને જણાવી દઈએ કે, જુલાઈ મહિનામાં ઈસ્કોન બ્રિજ પર તથ્ય પટેલે બેફામ રીતે જેગુઆર કાર ચલાવીને ૯ લોકોના જીવ લીધા હતા. જે બાદ પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું છે અને ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી રહી છે. છતાંય ઓવરસ્પીડ વાહન ચાલકોને કોઈ ડર રહ્યો નથી.



ભગવાન શ્રીકૃષ્ણ માટે શાળામા મહોત્સવની ઉજવણી કરી.

### સબજેલમાંથી આરોપીઓ ફરાર થવાનો મામલો

# બોરસદ સબજેલમાંથી ૪ કેદીઓ ફરાર, ૪ પોલીસ કર્મીઓને સસ્પેન્ડનો આદેશ

| આણંદ, તા.૫ |

આણંદના બોરસદ સબજેલમાંથી ચાર કેદીઓ ફરાર થઈ જવાને લઈ પોલીસ અધિક્ષકે ચાર પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. બે દિવસ અગાઉ બેરેકના સળીયા નિચેના લાકડા વાળો ભાગ કાપી નાંખીને ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જેમાં એક હત્યા, એક પ્રોહિબિશન અને બે બળાત્કારના આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આરોપી ફરાર થવાની ગંબીર ઘટના બાદ જિલ્લા પોલીસ વડાએ સબજેલ પર ફરજ



બજાવનારા ચાર પોલીસ કર્મીઓને તેમની બેદરકારીને ધ્યાને રાખીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બોરસદ સબજેલમાં ફરજ બજાવતા ચારેય પોલીસ કર્મીઓએ રાત્રી દરમિયાન પોતાની ફરજમાં બેદરકારી દાખવતી હતી. તેમની બેદરકારીનો લાભ ઉઠાવીને ચારેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. એએસઆઈ સુરેશભાઈ, પોલીસ કોન્સ્ટેબલ માલજીભાઈ, શેતલ કુમાર અને જયદીપસિંહને સસ્પેન્ડ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. પોલીસની સુરક્ષાના ઘેરા વચ્ચેથી જ આરોપીઓ જેલમાંથી ફરાર થઈ જવાની ઘટનાને લઈ હવે પોલીસે પણ તપાસ શરુ કરી છે.

## નવસારી પોલીસે કારમાં દારુની હેરાફેરી કરતી મહિલા બુટલેગર ઝડપી

| નવસારી, તા.૫ |

નવસારી પોલીસે મહિલા બુટલેગરને દારુની હેરાફેરી કરતા ઝડપી લીધી છે. ઉઝમા ચુનારા નામની એક મહિલા બુટલેગર ઝડપી લેવામાં આવી છે. સુરત અને નવસારી બંને પોલીસ દ્વારા સંયુક્ત રીતે આ મહિલા બુટલેગરને ઝડપી લેવામાં આવી છે. મહિલા બુટલેગરની મ્સ્ઉ કારને પણ પોલીસે જપ્ત કરી લીધી છે. પોલીસે દારુનો જથ્થો પણ જપ્ત કરવા સાથે કુલ ૨૬ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપ્યો છે. નવસારી પોલીસે હવે મહિલા બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આરોપી મહિલા વાપીના ગુંજન ચાર રસ્તા પાસે ગ્રીન પાર્ક બિલ્ડીગમાં રહે છે.

### અનુજ પટેલ ગુજરાત પરત આવશે

# CM ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલની તબિયતમાં સુધારો

## અનુજ પટેલ મુંબઈથી અમદાવાદ ખાતે પરત ફરશે, બ્રેઈન સ્ટ્રોકના કારણે મુંબઈમાં અનુજ પટેલની સારવાર ચાલી રહી હતી

| અમદાવાદ, તા.૫ |

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દીકરા અનુજ પટેલની તબિયતમાં સુધારો થતાં તેમને ગુજરાત લાવવામાં આવશે. અનુજ પટેલની તબિયતમાં સુધારો થતાં મુંબઈ ખાતેથી અમદાવાદ લાવવામાં આવશે. અત્રે જણાવી દઈએ કે, બ્રેઈન સ્ટ્રોકના કારણે મુંબઈમાં અનુજ પટેલની સારવાર ચાલી રહી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલની તબિયતમાં સુધારો થયો છે. ત્યારે અનુજ પટેલને આજે ગુજરાત પરત લાવવામાં આવશે. બ્રેઈન સ્ટ્રોકના કારણે મુંબઈમાં



તેમની સારવાર ચાલી રહી હતી, ત્યારે તેમની તબિયતમાં સુધારો થતાં તેમને અમદાવાદ ખાતે લાવવામાં આવશે. રિકવરી આવ્યા બાદ ત્રણ મહિને અનુજ પટેલ ઘરે પરત ફરશે. આજે મોડી સાંજ સુધીમાં ઘરે પહોંચશે અને ઘરે જતા પહેલા અડાલજ ત્રિમંદિરમાં મુખ્યમંત્રી દર્શન કરશે.

# અંકલેશ્વરમાં બનાવટી જંતુનાશક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ

## બનાવટી જંતુનાશક દવા બનાવતી ફેક્ટરીને ઝડપી પાડી કેમિકલ અને મશીનરી સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે

| ભરૂચ, તા.૫ |

ભરૂચ જિલ્લા પોલીસને મહાનિરીક્ષક સંદિપ સિંઘ તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાતરફથી જીલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા આ પ્રકારના ગુનાઓ શોધી કાઢવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત અક્લેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ઘણી બંધ કંપનીઓ અને ગોડાઉનમાં ગેરકાયદેસર ચીજવસ્તુનું ઉત્પાદન થતુ હોવાની બાતમી મેળવી કાયદેસર કાર્યવાહી કરવા જણાવવામાં આવતા પોલીસની ટુકડીઓ એલર્ટ બની છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચના



પોલીસ ઈન્સ્પેકટર ઉત્સવ બારોટને મળેલી બાતમીના આધારે । આર. કે.ટોરાણીની ટીમ દ્વારા અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલીંગ શરૂ કરાયું હતું. ક્રાઈમ બ્રાન્ચને હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે "અંકલેશ્વર જી.આઈ.ડી.સીમાં દઢાલ ગામની સીમમાં આવેલ સુદામા એસ્ટેટમાં આવેલ પ્લોટ નં-એલ-૧૫ માં આવેલ એસ્ટ્રો કેમ ફાર્મા બીલ્ડીંગમાં આવેલ ગોડાઉનમાં નયનભાઈ ધીરૂભાઈ ઉમરેઠીયા ગેરકાયદેસર રીતે અલગ-અલગ કંપનીઓનું રજીસ્ટ્રેશન કરાવડાવ્યા વગર પોતાની તથા બીજાની જીંદગી જોખમમાં મુકાય તે રીતે બેદરકારી ભર્યું આચરણ કરી જંતુનાશક દવા બનાવી, ઈલેક્ટ્રોનિક મશીન વડે પેકીંગ કરી, કંપનીના લેબલ મારી જાતે સીલકરે છે અને જે તેના ગોડાઉનમાં હાલ કામ ચાલુ છે. બાતમીના આધારે ટીમના માણસો સાથે રેઈડ કરવામાં આવી હતી.

## રાજ્યના દરેક જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર બનશે

| ગાંધીનગર, તા.૫ |

વધુ ગુણવત્તાસભર બનાવવા રાજય સરકાર વધુ એક પ્રયાસ હાથ ધરશે. ગુજરાતના દરેક જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર બનશે. ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત દરેક જિલ્લામાં કેન્દ્ર બનશે. આ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શિક્ષકો માટેની કામગીરી કરવામાં આવશે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ઓનલાઈન રીયલ ટાઈમ મોનીટરીંગની વિગતો મેળવવામાં આવશે તેમજ શિક્ષણનું ઓનલાઈન સર્વગ્રાહી મોનીટરીંગ થશે. આ ઉપરાંત શિક્ષકોની નિયમિત હાજરી અંગે નજર રખાશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીના ઉપયોગથી શાળા અને શિક્ષણના ડેટા એકત્ર થશે. દર વર્ષે લગભગ ૫૦૦ કરોડથી વધુ ડેટા એકત્ર થશે. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ડેટાનો અભ્યાસ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઓનલાઈન હાજરી નોંધવામાં આવશે.




### અમદાવાદમાં વૃદ્ધને નવુ જીવન મળ્યુ

# ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રક્રિયા વડે ૮૦ વર્ષના વૃધ્ધની જિંદગી બચાવાઈ

## એઓર્ટિક વાલ્વ સાંકડો થઈ જવાની, જેની સારવાર પ્રક્રિયાને એઓર્ટિક સ્ટેનોસિસ તરીકે પણ ઓળખાય છે

| અમદાવાદ, તા.૫ |

ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ ના નામે પણ જાણીતી છે, એઓર્ટિક વાલ્વ સાંકડો થઈ જવાની, જેની સારવાર પ્રક્રિયાને એઓર્ટિક સ્ટેનોસિસ તરીકે પણ ઓળખાય છે. ડો.અભિષેક રાજપોપટ જાણીતા ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ છે જે ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પલાન્ટેશન પ્રક્રિયામાં નિપુણતા માટે જાણીતા છે. જેમણે કુશળતાપૂર્વક આ પ્રકારની જટીલ પ્રક્રિયા ૮૦ વર્ષની ઉંમરના વૃધ્ધ દર્દી જે ગંભીર એઓર્ટિક સ્ટેનોસિસ અને લાંબા સમયથી કિડની ડિસઓર્ડરની પર કરીને નોંધપાત્ર સિમાચિહ્ન હાંસલ કર્યું છે.ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પલાન્ટેશન સર્જરી ખાસ કરીને મોટી ઉંમરના દર્દીઓ ઉપર જટીલ પ્રક્રિયાને કારણે પણ જાણીતી છે. આ પ્રકારના કેસ સમયાંતરપણે કિડનીના રોગને કારણે પણ નોંધપાત્ર પ્રમાણમાં અટપટા બની રહેતા હોય છે. આ કેસમાં દર્દીના વધતા જતા ક્રિએટિનિન લેવલ્સને કારણે પણ કિડનીની કામગીરીને અસર થઈ હતી. વૃદ્ધ દર્દીને જટીલ એઓર્ટિક સ્ટેનોસીસને કારણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, છાતીમાં દર્દી થતું હતું, ચક્કર આવવા, પગમાં સોજા રહેવું, સતત થાક લાગવું અને વિવિધ પ્રકારના અન્ય શારીરિક પડકારોનો સામનો કરવો પડતો હતો. પરંપરાગત પ્રોસીજર કરવાથી કોન્ટ્રાસ્ટ મિડીયાનો ઉપયોગ કરવાને કારણે કિડની સંબંધીત ગંભીર કોમ્પલીકેશન્સનો સામનો કરવો પડતો હતો. એઓર્ટિક સ્ટેનોસીસ અને સીકેડીને કારણે દર્દીના હાઈ-રિસ્ક પ્રોફાઈલને ધ્યાનમાં લઈને ડોક્ટરે ઝીરો-કોન્ટ્રાસ્ટ ટીએવીઆઈ પ્રોસીજર કરવાનું પસંદ કર્યું. કોન્ટ્રાસ્ટ ઈન્ડ્યુસ નેફ્રોપથીના જોખમ ઓછુ રહે અને નાજુક સ્થિતિને ધ્યાનમાં લઈને એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ પ્રોસીજરને કારણે દર્દીની નાજુક સ્થિતિને ધ્યાનમાં લઈ ઝીરો-કોન્ટ્રાસ્ટ ટીએવીઆઈ પ્રોસીજર પસંદ કરવામાં આવી હતી.

### પ્રથમ વખત રાજકોટ બહારથી પોલીસનો બંદોબસ્ત કરાયો

# રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં લોકમેળાનો પ્રારંભ થઇ ચુક્યો

| રાજકોટ, તા.૫ |

રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં લોકમેળાનો પ્રારંભ થઈ ચુક્યો છે. પ્રથમ વખત મેળામાં સુરક્ષાને લઈ પ્રથમ વખથ રાજકોટ બહારથી પોલીસને બંદોબસ્ત માટે જવાબદારી સોંપવામાં આવી છે. પોલીસ દ્વારા મેળાને લઈ સેક્ટર મુજબ વહેંચણી કરીને ૬ પીઆઈ અને પીએસઆઈ અહીં સેક્ટર જે સોંપવામાં આવ્યા છે, તે મુજબ ફરજ નિભાવશે. સંપૂર્ણ મેળાનુ મોનિટરીંગ ડીસીપી કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા સુરક્ષા બંદોબસ્ત ચૂસ્ત રાખવામાં આવશે. આતંકીઓના નિશાને જન્માષ્ટમી મેળાને લઈ ઈનપુટ હોવાને લઈ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત બનાવવામાં આવ્યો છે. સીસીટીવી દ્વારા મેળાનુ મોનિટરીંગ કરાશે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨